

નવસર્જન સંસ્કૃતિ

RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 10
Issue : 167
Dt.: 23-04-2026,
Thursday
Page:04
Rs.00.50 paisa


### રોડ સેફ્ટી નિયમોમાં આવશે બદલાવ

# સુપ્રીમ કોર્ટનો મોટો નિર્ણય, હાઈવે પર ટ્રક પાર્કિંગ પર કડક પ્રતિબંધ

### હવે વાહનો માત્ર નિર્ધારિત પાર્કિંગ ઝોન જગ્યાઓ પર જ ઉભા રહી શકશે : નિર્ણય રોડ અકસ્માતોમાં ઘટાડો માટે લેવાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતમાં રોડ સુરક્ષા મજબૂત બનાવવા માટે સુપ્રીમ કોર્ટે એક મોટું પગલું લીધું છે. કોર્ટે નોંધ્યું છે કે દેશના કુલ રોડ નેટવર્કમાં હાઈવેનો ભાગ માત્ર લગભગ ૨% છે, પરંતુ અહીં થતા અકસ્માતોનો હિસ્સો લગભગ 30% જેટલો છે. આ આંકડો અત્યંત ચિંતાજનક છે અને આ જ કારણથી આ કડક નિર્ણય લેવામાં આવ્યો છે.

સુપ્રીમ કોર્ટના નિર્ણય પ્રમાણે હવે રાષ્ટ્રીય ધોરીમાર્ગો પર ટ્રક અને કમર્શિયલ વાહનોનું પાર્કિંગ સંપૂર્ણપણે પ્રતિબંધિત રહેશે. વાહનો માત્ર સરકાર દ્વારા નિર્ધારિત પાર્કિંગ ઝોનમાં જ ઊભા રહી શકશે. આ નિયમના અમલ માટે ATMS, GPS ટ્રેકિંગ અને ઈ-ચલાન જેવી આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવશે.

નવા આદેશ અનુસાર હવે કોઈપણ ટ્રક અથવા કમર્શિયલ વાહન હાઈવેની મુખ્ય લેન અથવા રોડના કિનારે ઊભું રહી શકશે નહીં. માત્ર નિર્ધારિત પાર્કિંગ સ્થળો, લેભાય (Lay-by) અથવા અધિકૃત જગ્યાઓ પર જ વાહનો પાર્ક કરી શકાશે. ખાસ કરીને રાત્રિના સમયે ઓછી દૃશ્યતા હોવાના કારણે ઉભા રહેલા ટ્રકો અકસ્માતનું મોટું કારણ બને છે.

આ નિર્ણયને અસરકારક રીતે લાગુ કરવા માટે આધુનિક ટેકનોલોજીનો સહારો લેવામાં આવશે. ATMS (Advanced Traffic Management System), GPS આધારિત મોનિટરિંગ અને ઈ-ચલાન સિસ્ટમ દ્વારા નિયમ ભંગ કરનારાઓ સામે તરત કાર્યવાહી થઈ શકશે. નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI), રાજ્ય



પોલીસ અને ટ્રાન્સપોર્ટ વિભાગને સાથે મળીને કામ કરવાની સૂચના આપવામાં આવી છે. સુપ્રીમ કોર્ટે તમામ જિલ્લાઓને આ નિયમ અમલમાં મૂકવા માટે ૬૦ દિવસની સમય મર્યાદા આપી છે. કોર્ટે હાઈવે આસપાસના અતિક્રમણ પર પણ કડક વલણ અપનાવ્યું છે. હવે હાઈવેની સીમામાં નવા ઢાબા અથવા કમર્શિયલ દુકાનો બનાવવાની મંજૂરી નહીં આપવામાં આવે. પહેલેથી આવેલા ગેરકાયદેસર બાંધકામોને પણ ૬૦ દિવસની અંદર દૂર કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. સાથે જ, હાઈવે નજીક આપવામાં આવેલા તમામ લાઈસન્સની સમીક્ષા કરવામાં આવશે. જિલ્લા સ્તરે ખાસ હાઈવે સેફ્ટી ટાસ્ક ફોર્સ બનાવવામાં આવશે જે સતત દેખરેખ રાખશે અને જરૂરી સુધારાત્મક પગલાં લેશે. કોર્ટે વધુમાં જણાવ્યું છે કે અકસ્માત-પ્રવણ વિસ્તારોમાં સારી લાઈટિંગ, સીસીટીવી અને નિયમિત અંતરે ટ્રક પાર્કિંગ માટે સુરક્ષિત લેભાય સુવિધાઓ વિકસાવવામાં આવે. આ પગલાંથી હાઈવે પર અકસ્માતોની સંખ્યા ઘટાડવામાં મદદ મળશે. સુપ્રીમ કોર્ટનો આ નિર્ણય દેશના હાઈવેને વધુ સુરક્ષિત બનાવવા તરફનું એક મહત્વપૂર્ણ પગલું માનવામાં આવી રહ્યું છે.

કડક નિયમો, ટેકનોલોજીનો ઉપયોગ અને તમામ એજન્સીઓની જવાબદારી સાથે હવે રોડ સુરક્ષા વ્યવસ્થામાં મોટો બદલાવ આવવાની શક્યતા છે.

### ઓનલાઈન ગેમિંગ પર સરકારનો મોટો નિર્ણય

# પહેલી મેથી ઓનલાઈન ગેમિંગ ઓથોરિટી ઓફ ઈન્ડિયા થશે લાગુ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારત સરકાર આગામી ૧ મેથી ઓનલાઈન ગેમિંગ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (OGAI)ની સ્થાપના કરવા જઈ રહી છે. આ ઓથોરિટી દેશમાં ઝડપથી વિકસી રહેલા ઓનલાઈન ગેમિંગ સેક્ટર પર નજર રાખશે અને તેના માટે કાયદાકીય માળખું તૈયાર કરશે. લાંબા સમયથી ચાલી રહેલી ચર્ચાઓ અને સ્ટેકહોલ્ડર્સ સાથેની બેઠકો બાદ હવે આ ક્ષેત્રને શિસ્તબદ્ધ કરવા માટે એક સ્વતંત્ર બોડી કાર્યરત થશે.આ નવી ઓથોરિટીનું મુખ્ય કામ ગેમિંગ પ્લેટફોર્મ્સનું રજીસ્ટ્રેશન કરવાનું અને તેઓ નિયમોનું પાલન કરે છે કે નહીં તે જોવાનું રહેશે. ખાસ કરીને ગેમ ઓફ સ્કિલ (કૌશલ્યની રમત) અને ગેમ ઓફ ચાન્સ (નસીબની રમત) વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરવામાં આવશે.

આ ઉપરાંત, પ્લેટફોર્મ્સ પર યૂઝર્સની સુરક્ષા, જવાબદાર ગેમિંગ અને નાણાકીય લેવડદેવડમાં પારદર્શિતા લાવવા પર ભાર મૂકવામાં આવશે. જે કંપનીઓ નિયમોનું ઉલ્લંઘન કરશે, તેમની સામે દંડનીય કાર્યવાહી કરવાની સત્તા પણ આ ઓથોરિટી પાસે રહેશે.

આ નિર્ણયથી ઓનલાઈન ગેમિંગ ઉદ્યોગમાં કાયદેસરતા આવશે, જેનાથી રોકાણકારોનો વિશ્વાસ વધશે. યૂઝર્સ માટે આ એક સુરક્ષિત વાતાવરણ પૂરું પાડશે, જ્યાં છેતરપિંડી કે ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પર લગામ લગાવી શકાશે. જોકે, ગેમિંગ કંપનીઓએ હવે કડક કેવાયસી (KYC) પ્રક્રિયા અને ટેક્સના નિયમોનું પાલન કરવું અનિવાર્ય બનશે. આ પગલું ભારતીય ગેમિંગ ઈકોસિસ્ટમને વૈશ્વિક સ્તરે વધુ મજબૂત બનાવવાની દિશામાં મહત્ત્વનું માનવામાં આવે છે.

### અમેરિકાના ટ્રેઝરી સેક્રેટરીએ કરેલો ઘટસ્ફોટ

# સીઝફાયર લંબાવવા અંગેની સ્ટ્રેટેજી ઈરાનને આર્થિક ભીંસમાં મૂકવાની છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

અમેરિકાના પ્રમુખ ટ્રમ્પે સીઝફાયર અચોક્કસ મુદત સુધી લંબાવ્યો છે તે સાથે કેટલાએ લોકો તેમ માનવા લાગ્યા છે કે એક તરફ અમેરિકાનો શસ્ત્રસરંજામ ખૂટી રહ્યો છે. બીજી તરફ અમેરિકામાં તેલના કારણે જ મોંઘવારી વધતી જાય છે. ત્રીજી તરફ ઈરાનના પ્રત્યાઘાતો પણ પ્રબળ બનતા જાય છે. પરિણામે ટ્રમ્પને યુદ્ધ વિરામ લંબાવવાની ફરજ પડી છે.

આ મંતવ્યોથી વાસ્તવિકતા તદ્દન જુદી જ છે, તેમ અમેરિકાના ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બીસેન્ટનું કહેવું છે. તેઓ કહે છે કે ઈરાનના તમામ બંદરો અને હોર્મુઝ સ્ટ્રેઈટ સામે અમેરિકાએ કરેલી સખત ઘેરાબંધીને લીધે ઈરાનનું તેલ બજારમાં જતું નથી. પરિણામે એક તરફ દિવસે દિવસે તેલના બજારમાં ભાવ વધતા જ જાય છે, પરંતુ સાથે ઈરાન ઉપર આર્થિક સંકટ તોળાઈ રહ્યું છે. કારણ કે તેના અર્થતંત્રમાં તેલ નિકાસથી થતી આવકનો ૭૦ ટકા જેટલો ફાળો છે. તેને રોજની આશરે ૫૫૦ મિલિયન ડોલર્સની ખેંચ પડે છે.

સ્કોટ બીસેન્ટ આગળ તેના એક્સ પ્લેટફોર્મ પર લખે છે કે પ્રમુખ ટ્રમ્પે સીઝફાયર લંબાવવાની અને તે પણ અચોક્કસ મુદત સુધી લંબાવવાની કરેલી જાહેરાત પાછળ પ્રમુખનો હેતુ લડયા સિવાય જ ઈરાનને ઘૂંટણે પાડવાનો છે.

ઉપરાંત આર્થિક ભીંસને લીધે ઈરાનની જનતામાં ખોમેઈની રાજ સામે વિરોધ જગાવવાનો છે.

### "બમ બમ ભોલે" અને "જય કેદાર"ના નારા લાગ્યા

# બાબા કેદારનાથ ધામના કપાટ ખુલ્યા, વહેલી સવારથી જ જામ્યો શ્રદ્ધાળુઓનો મેળાવળો

(સંપૂર્ણ સમાચાર સેવા)દેહરાદુન

ઉત્તરાખંડમાં આવેલા પવિત્ર કેદારનાથ ધામ ખાતે ચારધામ યાત્રા ૨૦૨૬નો ભવ્ય પ્રારંભ શ્રદ્ધા અને ભક્તિભાવના વાતાવરણ વચ્ચે થયો છે. "બમ બમ ભોલે" અને "જય કેદાર"ના ગગનભેદી નારાઓ વચ્ચે શુભ મુહૂર્તમાં મંદિરના કપાટ ભક્તો માટે ખોલવામાં આવ્યા હતા, જેના કારણે સમગ્ર કેદારઘાટી ભક્તિમય બની ગઈ હતી. કપાટ ખુલતાની સાથે જ હજારો શ્રદ્ધાળુઓએ બાબા કેદારના દર્શન કરી આશીર્વાદ મેળવ્યા હતા. અક્ષય તૃતીયાના શુભ અવસરે ચારધામ યાત્રાનો પ્રારંભ પહેલાથી જ ગંગોત્રી ધામ અને યમુનોત્રી ધામના કપાટ ખુલવાથી થઈ ચૂક્યો હતો, જ્યારે આગામી પડાવ તરીકે બદ્રીનાથ ધામના કપાટ ૨૩ એપ્રિલે ખોલાશે.

આ સાથે સમગ્ર ચારધામ યાત્રા પૂરજોશમાં શરૂ થવાની તૈયારીમાં છે અને દેશભરમાંથી લાખો ભક્તો ઉત્તરાખંડ તરફ પ્રયાણ કરી રહ્યા છે.

કેદારનાથ ધામમાં આ વર્ષે વિશેષ શણગાર કરવામાં આવ્યો

**કેદારનાથ ધામને બાર જ્યોતિર્લિંગમાંથી અગિયારમા તરીકે પૂજવામાં આવે છે, એવું માનવામાં આવે છે કે ભગવાન શિવ પોતે જ્યોતિર્લિંગના રૂપમાં રહે છે**




હતો. મંદિર સંકુલને લગભગ ૫૧ ક્વિન્ટલ તાજા ફૂલોથી સજાવવામાં આવ્યું હતું, જે ઋષિકેશ અને આસપાસના વિસ્તારોમાંથી લાવવામાં આવ્યા હતા. રંગબેરંગી ફૂલોથી સજાયેલું મંદિર ભવ્ય અને દિવ્ય દ્રશ્ય સર્જતું હતું. કપાટ ખુલવાની ક્ષણ જોવા માટે માત્ર ભારતમાંથી જ નહીં પરંતુ વિદેશથી પણ મોટી સંખ્યામાં ભક્તો આવ્યા હતા.ધાર્મિક માન્યતાઓ અનુસાર કેદારનાથ ધામ ભગવાન શિવના બાર જ્યોતિર્લિંગોમાં અગિયારમા જ્યોતિર્લિંગ તરીકે અત્યંત પવિત્ર માનવામાં આવે છે. એવું માનવામાં આવે છે કે શિયાળામાં કપાટ બંધ રહેતા હોવા છતાં પણ દેવતા અહીંથી ઉખીમઠ ખાતે પૂજા સ્વીકાર કરે છે, જ્યાં ઓમકારેશ્વર મંદિરમાં તેમની આરાધના કરવામાં આવે છે. શિયાળામાં ભારે હિમવર્ષાને કારણે બાબાની પાલખી નીચે લાવવામાં આવે છે અને ત્યારબાદ છ મહિના સુધી ભક્તો ત્યાં દર્શન કરે છે.

પૌરાણિક માન્યતાઓ મુજબ મહાભારત કાળમાં પાંડવો દ્વારા પાપોનું પ્રાયશ્ચિત કરવા માટે ભગવાન શિવની શોધ દરમિયાન કેદારનાથનું મહત્વ ઊભું થયું હતું. કહેવાય છે કે ભગવાન શિવે બળદનું સ્વરૂપ ધારણ કર્યું હતું અને જ્યાં તેમની પીઠનું અંશ દેખાયું હતું તે સ્થાન કેદારનાથ તરીકે ઓળખાયું. આદિ ગુરુ શંકરાચાર્ય દ્વારા આ મંદિરનું પુનઃનિર્માણ કરવામાં આવ્યું હતું અને ત્યારથી તે હિન્દુ ધર્મનું મહત્વપૂર્ણ તીર્થસ્થાન બની રહ્યું છે.

કપાટ ખુલતા જ સમગ્ર વિસ્તાર ભક્તિમાં તરબોળ થઈ ગયો હતો અને "જય કેદાર"ના નાદથી હિમાલય ગુંજી ઉઠ્યો હતો. ચારધામ યાત્રાના આરંભ સાથે ઉત્તરાખંડમાં ધાર્મિક પ્રવાસનને પણ નવી ઉર્જા મળી છે અને આગામી દિવસોમાં લાખો શ્રદ્ધાળુઓ આ પવિત્ર યાત્રામાં જોડાવાની અપેક્ષા છે.

### અનુરાગ ઠાકુરે બંગાળના CMને ઘેર્યા

# મમતા બેનર્જી ઘૂસણખોરોને રક્ષણ આપે છેઃ અનુરાગ ઠાકુર

(સંપૂર્ણ સમાચાર સેવા)કોલકાતા

પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી દરમિયાન માછલી ખાવાને લઈને ઊભા થયેલા વિવાદ પર ભાજપના સાંસદ અનુરાગ ઠાકુરે જવાબ આપતા કહ્યું કે, તેમની પાર્ટી ક્યાંય પણ ખાન-પાન, ધર્મ કે અભિવ્યક્તિની સ્વતંત્રતા પર રોક નથી લગાવતી. તેમણે જણાવ્યું કે, તેઓ વર્ષોથી બંગાળ આવીને સ્થાનિક ભોજનનો આનંદ માણી રહ્યા છે અને ભાજપ સત્તામાં આવશે તો પણ લોકોની ખાવા-પીવાની આઝાદી જળવાઈ રહેશે. અનુરાગ ઠાકુરે મુખ્યમંત્રી મમતા બેનર્જી પર ગંભીર આરોપ લગાવતા કહ્યું કે, તેમની સરકાર ઘૂસણખોરોને રક્ષણ આપે છે, ભ્રષ્ટાચારમાં ડૂબેલી છે અને રાજ્યમાં બેરોજગારી તથા મહિલાઓની અસુરક્ષા વધી છે. તેમણે સંદેશખાલી જેવી ઘટનાઓનો હવાલો આપતા કાયદો અને વ્યવસ્થા પર સવાલો ઉઠાવ્યા હતા. અનુરાગ ઠાકુરે આરોપ લગાવ્યો કે, મમતા બેનર્જી તો ઘૂસણખોરોને રક્ષણ આપે છે. બંગાળીઓને પલાયન કરવા પર મજબૂર કરી રહ્યા છે. બંગાળના યુવાનો પલાયન કરી રહ્યા છે. ચારેબાજુ બેરોજગારી છે. બાળકોના મિડ ડે મીલના પૈસા



ખાઈ જાય છે. અનાજ કૌભાંડ થઈ જાય છે. એટલું જ નહીં, સીમા પર વાડ લગાવવા માટે જમીન પણ આપતા નથી. જ્યારે કંઈ કર્યું નથી ત્યારે ડર અને ભ્રમ ફેલાવી રહ્યા છે. અહીંની મહિલાઓ પોતાની જાતને અસુરક્ષિત અનુભવે છે. સંદેશખાલીથી લઈને આરજીકર જેવી ઘટનાઓમાં મહિલાઓ બળાત્કાર, અત્યાચાર અને ગુનાહિત ઘટનાઓનો શિકાર બની રહી છે. અનુરાગ ઠાકુરે આગળ કહ્યું કે, 'હું એટલું જ કહીશ, મમતાજી ભ્રમ ના ફેલાવો, અફવાઓ ના ફેલાવો. અમે સત્તામાં આવીશું તો લોકો માછલી ભાત પણ ખાશે અને સંદેશ પણ ખાશે. અમે સોનાર બાંગ્લા પણ બનાવીશું.' પીએમ મોદીના ભેળ (ઝાલમુડી) ખાવા પર સીએમ મમતા બેનર્જી તરફથી કરવામાં આવેલા હુમલા પર અનુરાગ ઠાકુરે કહ્યું કે, 'દુનિયાના સૌથી લોકપ્રિય નેતા અને ભારતના વડાપ્રધાન સતત ત્રીજી વખત ચૂંટાઈને આવ્યા છે. તેઓ એક નાની દુકાન પર ઝાલમુડી ખાવા માટે રોકાય છે, લોકો સાથે આ વાત શેર કરે છે, આનાથી મોટી સ્વાગત યોગ્ય ઘટના શું હોઈ શકે, પરંતુ મમતાજી કહે છે કે, વડાપ્રધાનના ખિસ્સામાં ૧૦ રૂપિયા ક્યાંથી આવ્યા.

અરે મમતાજી, તમારા કટ મની અને કટ કમિશન ખાનારાઓએ લોકોના ખિસ્સામાં ૧૦ રૂપિયા પણ નથી છોડ્યા. વડાપ્રધાન ઝાલમુડી ખાય તો પણ તમને પીડા થાય છે. અરે તમે બંગાળ લૂંટીને ખાઈ ગયા. જનતાના મનમાં જે પીડા છે, આ મમતા વિરુદ્ધ જનતાની ચૂંટણી છે. જનતા જીતશે અને તમારી વોટ પેટી પણ એવી જ ખાલી કરશે જેવી તમે લોકોના ખિસ્સા ખાલી કર્યા છે.'

સીએમ મમતા દ્વારા આઈપેકના લોકોને સરકારી નોકરી આપવાના વાયદાના સવાલ પર અનુરાગે કહ્યું કે, 'તમે કેમ સતત મમતાજીનું પેનિક બટન દબાવી રહ્યા છો. ભ્રષ્ટ અધિકારીના પક્ષમાં કોણ ઉતરે? ભ્રષ્ટ કંપનીના પક્ષમાં કોણ ઉતરે? ખાલી મમતા બેનર્જી... એક ખાનગી કંપનીના પક્ષમાં એક રાજ્યના મુખ્યમંત્રીનું ઉતરવું એ બતાવે છે કે, ભ્રષ્ટાચારના તાર ક્યાં સુધી જોડાયેલા છે. આ તાર હવે આખી જનતા જાણી ગઈ છે.'

# માર્ચથી અત્યાર સુધી પાંચ લાખ પીએનજી કનેકશન ચાલુ કરાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતમાં પાઈપવાળું કુદરતી ગેસ (પીએનજી)નાં ગ્રાહકો સતત વધી રહ્યાં છે. માર્ચથી અત્યાર સુધીમાં ૫.૦૧ લાખથી વધારે નવા પીએનજી કનેકશન ચાલુ કરવામાં આવ્યા છે અને ૫.૬૮ લાખ લોકોએ નવા કનેકશન માટે રજિસ્ટ્રેશન કરાવ્યું છે. પીએનજીની માંગ એવા સમયે વધી રહી છે જ્યારે અધિકારીઓ પશ્ચિમ એશિયામાં ચાલી રહેલી તંગદિલીની વચ્ચે એલપીજીના પુરવઠામાં અવરોધ ઉભો ન થાય તે સુનિશ્ચિત કરી રહ્યાં છે. પશ્ચિમ એશિયામાં યુદ્ધને કારણે એલપીજીનાં પુરવઠામાં અવરોધ ઉભો થતા સરકાર ઉદ્યોગો અને ઘરો બંનેને પીએનજી માટે પ્રોત્સાહિત કરી રહી છે. આ એક વધુ સુવિધાજનક વિકલ્પ છે અને તેના પુરવઠા પર ખાસ કોઈ અસર પડી નથી.જે એલપીજી વપરાશકારો પાસે પીએનજી કનેક્શન છે પણ તેઓ તેનો ઉપયોગ કરતા નથી તેમને એલપીજીનો પુરવઠો ચાલુ કરાવવાનાં નિર્દેશ આપવામાં આવ્યા છે. પીએનજીની પાઈપલાઈન પાથરવા માટેની મંજૂરી પ્રક્રિયા ઝડપી બનાવવાનાં પણ નિર્દેશ આપવામાં આવ્યા છે.પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયનાં સંયુક્ત સચિવ સુજાતા શર્માએ પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે ૧૯ એપ્રિલ સુધીમાં ૩૯,૪૦૦ પીએનજી ગ્રાહકોએ પોતાનું એલપીજી કનેકશન સરેન્ડર કરી દીધું છે.




# તંત્રી લેખ......

## ભારતીય રાજકારણમાં લોકશાહીનો વધતો પ્રભાવ

યુએસ અને ઈરાન વચ્ચે સ્થિર યુદ્ધવિરામની આશાઓ અને ઘરેલુ મોરચે મહિલા અનામત બિલના પતનથી ઉદ્ભવેલી નિરાશા વચ્ચે, હવે ધ્યાન સીધા ઘરેલુ રાજકારણ પર છે, જે કોઈપણ વૈશ્વિક સંઘર્ષ કરતાં આપણા નિયંત્રણમાં છે. આ વર્ષે દેશભરના ઘણા રાજ્યોમાં ચૂંટણીઓ થવાની છે. જો કે, કોઈ પણ વર્ષમાં ચૂંટણીઓ ન થાય તે આશ્ચર્યજનક નથી. અત્યાર સુધી, આસામ, કેરળ અને પુડુચેરીમાં ચૂંટણીઓ યોજાઈ ચૂકી છે. બંગાળ અને તમિલનાડુમાં પણ આ મહિને ચૂંટણીઓ પૂર્ણ થશે.

આવતા વર્ષની શરૂઆતમાં, પંજાબ અને ઉત્તરાખંડ તેમજ રાજકીય રીતે મહત્વપૂર્ણ રાજ્ય ઉત્તર પ્રદેશમાં ચૂંટણીઓ યોજાવાની છે. આ ચૂંટણીઓમાં ખાસ સઘન મતદાર યાદી સુધારણા એક ગરમ વિષય રહ્યો છે, ત્યારે રાજકીય પક્ષો પણ હંમેશની જેમ ધર્મ, જાતિ, પ્રાદેશિક ઓળખ અને લોકપ્રિયતાનો ઉપયોગ કરીને મત મેળવવા માટે સ્પર્ધા કરી રહ્યા છે. સ્વાભાવિક રીતે, આપણું સામાજિક માળખું અને અર્થતંત્ર પ્રાદેશિકવાદ અને હેન્ડઆઉટ્સના આ રાજકારણના પ્રતિકૂળ પરિણામો ભોગવે છે.

આર્થિક વ્યવસ્થાપનને ઘણીવાર શાસનનું મૂળભૂત અને સૌથી મહત્વપૂર્ણ પાસું માનવામાં આવે છે. ભારતમાં, કેન્દ્ર સરકાર, રાજ્યો અને સ્થાનિક સંસ્થાઓનો કુલ વાર્ષિક ખર્ચ આશરે ૯૦ લાખ કરોડ છે. કેન્દ્ર સરકાર તરફથી નાણાકીય ટ્રાન્સફરને ધ્યાનમાં લેતા, રાજ્ય સરકારો અને સ્થાનિક સંસ્થાઓ મળીને આશરે ૬૦ લાખ કરોડ ખર્ચ કરે છે. રાજ્ય સરકારોનો સ્થાનિક સંસ્થાઓ પર સીધો નિયંત્રણ છે. આનો અર્થ એ છે કે ખર્ચ પરની જવાબદારીનો મોટો ભાગ મુખ્યત્વે રાજ્ય સરકારો અને તેમના વિવેકબુદ્ધિ પર રહેલો છે. કુલ સરકારી ખર્ચને ધ્યાનમાં લેતા, ?૮ લાખ કરોડથી વધુનો ખર્ચ ફક્ત મફત રાશન, રોકડ ટ્રાન્સફર, કૃષિ લોન માફી અને કૃષિ સબસિડી જેવા રાજકીય હેન્ડઆઉટ્સ પર થાય છે. આમાં શિક્ષણ અને આરોગ્ય પરનો ખર્ચ શામેલ નથી. શું હેન્ડઆઉટ્સ પરનો આ ખર્ચ કુલ ખર્ચના પ્રમાણમાં અતિશય છે કે અસંતુલિત છે? જો વિકસિત દેશોની સિસ્ટમ સાથે સરખામણી કરવામાં આવે તો, જવાબ "ના" હશે. વિકસિત દેશોમાં મફત ભેટોની પોતાની અનોખી યાદી છે. જ્યારે તેમને સામાજિક સુરક્ષા તરીકે લેબલ કરી શકાય છે, ત્યારે આ ખ્યાલ ચોક્કસપણે તેમના માટે અજાણ્યો નથી. જો કે, એક મૂળભૂત તફાવત એ છે કે જ્યારે વિકસિત દેશોમાં આવા ખર્ચ સંપૂર્ણપણે સંસ્થાકીય અને સામાજિક કરારનો ભાગ છે, ત્યારે ભારતમાં આ ખર્ચ મનસ્વીતાનું ઉદાહરણ છે, જે મોટાભાગે ચૂંટણી દબાણ દ્વારા ઉત્તેજિત સ્પર્ધાત્મક લોકપ્રિયતાને આભારી છે. આ ખર્ચનું સ્વરૂપ અને સ્વરૂપ પણ બદલાય છે. જો આપણે ભારતમાં કૃષિ લોન માફીની તુલના કરીએ, તો યુએસ સમાન ઉદાહરણો આપે છે, જેમ કે સબસિડીવાળા પાક વીમા અને ઓછા વ્યાજની લોન. ભારત જેવા અર્થતંત્રને ધ્યાનમાં લેતા, બ્રાઝિલમાં શરતી રોકડ ટ્રાન્સફરની સિસ્ટમ છે, જે શાળામાં હાજરી અને રસીકરણ જેવા માપદંડો સાથે જોડાયેલી છે. આ બધી લોકપ્રિય યોજનાઓ કરદાતાઓના ખિસ્સામાંથી ભંડોળ પૂરું પાડવામાં આવે છે, પરંતુ વિદેશમાં, આ માટે મજબૂત સિસ્ટમો છે. વિકસિત દેશોમાં, આવી યોજનાઓ જોખમ વ્યવસ્થાપન અને સામાજિક કરારો તરીકે રજૂ કરવામાં આવે છે. તેમની ડિલિવરી મિકેનિઝમ્સ પણ વધુ સારા પરિણામો આપે છે. કલ્યાણકારી રાજ્યનો ખ્યાલ નવો કે અનોખો નથી. આપણે વિચારવું જોઈએ કે શું આપણે આપણા કલ્યાણકારી રાજ્યને તકની સ્થિતિમાં પરિવર્તિત કરવા માટે પૂરતું કરી રહ્યા છીએ.૨૦૪૭ સુધીમાં વિકસિત રાષ્ટ્ર બનવાના ભારતના ધ્યેયને પ્રાપ્ત કરવા માટેનું ગણિત સરળ છે. આ હાંસલ કરવા માટે, આપણે બે દાયકા સુધી ઓછામાં ઓછા ૮ ટકાના દરે આર્થિક વૃદ્ધિ જાળવી રાખવી જોઈએ. આપણે ઉત્પાદન-કેન્દ્રિત કલ્યાણકારી અભિગમ અપનાવવો જોઈએ, જ્યાં નાણાકીય પ્રાથમિકતાઓ વપરાશ-આધારિત સબસિડીને બદલે ક્ષમતા-નિર્માણ રોકાણો તરફ લક્ષી હોય. અંદાજો સૂચવે છે કે માળખાગત સુવિધાઓ અને માનવ વિકાસ પર ખર્ચવામાં આવતા દરેક રૂપિયાનો જીડીપી પર ૨.૫ થી ૪ રૂપિયાનો ગુણાકાર પ્રભાવ પડે છે, જ્યારે મફત વસ્તુઓ પર ખર્ચવામાં આવતા રૂપિયાથી ઉત્પાદકતામાં માત્ર ૦.૯ રૂપિયાનો વધારો થાય છે.

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ એમસીએક્સ પર કોટનના વાયદામાં રૂ.૧૦૪૦નો ઉછાળોઃ સોનાનો વાયદો રૂ.૧૪૭૯, ચાંદીનો વાયદો રૂ.૩૮૮૫ વધ્યો

**ક્રૂડ તેલના વાયદામાં રૂ.૩૧નો સુધારોઃ કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૦૯૦૨.૭૨ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૩૩૮૧૮.૫૧ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૩૩૬૯.૭૭ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૬૮૯૪ પોઈન્ટના સ્તરે**

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૧૫૪૭૨૧.૬૭ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૦૯૦૨.૭૨ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૧૩૩૮૧૮.૫૧ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ એપ્રિલ વાયદો ૩૬૮૯૪ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૨૧૦૪.૮ કરોડનું થયું હતું.


કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૩૩૬૯.૭૭ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૩૩૩૫ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૩૬૯૯ અને નીચામાં રૂ.૧૫૩૦૦૧ના સ્તરને સ્પર્શી, રૂ.૧૫૧૬૭૧ના આગલા બંધ સામે રૂ.૧૪૭૯ વધી રૂ.૧૫૩૧૫૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ગિની એપ્રિલ વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૬૬૧ વધી રૂ.૧૨૨૦૫૧ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-પેટલ એપ્રિલ વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૮૧ વધી રૂ.૧૫૩૦૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સોનું-મિની મે વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૩૯૮ વધી રૂ.૧૫૧૬૭૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ટેન એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૦૭૪૮ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૨૨૭૫ અને નીચામાં રૂ.૧૫૦૭૪૮ના સ્તરને સ્પર્શી, રૂ.૧૫૦૫૩૭ના આગલા બંધ સામે રૂ.૧૨૩૭ વધી રૂ.૧૫૧૭૭૪ થયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો કિલોદીઠ રૂ.૨૪૮૭૧૭ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૫૦૬૯૮ અને નીચામાં રૂ.૨૪૮૦૪૨ના મથાળે અથડાઈ, રૂ.૨૪૪૭૦૧ના આગલા બંધ સામે રૂ.૩૮૮૫ વધી રૂ.૨૪૮૫૮૬ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની એપ્રિલ વાયદો રૂ.૩૯૮૮ વધી રૂ.૨૫૦૪૭૪ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદી-માઈક્રો એપ્રિલ વાયદો રૂ.૩૯૯૦ વધી રૂ.૨૫૦૫૭૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. ૩૩૦૦.૯૩ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું એપ્રિલ વાયદો રૂ.૧૧.૭ વધી રૂ.૧૨૭૬.૭૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. જસત એપ્રિલ વાયદો રૂ.૫.૮૫ વધી રૂ.૩૪૯.૩ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ એપ્રિલ વાયદો રૂ.૫.૯ વધી રૂ.૩૭૧.૨ના સ્તરે પહોંચ્યો હતો. સીસું એપ્રિલ વાયદો ૩૦ પૈસા ઘટી રૂ.૧૯૬.૧૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૪૧૭૪.૨૨ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી એપ્રિલ વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૪૯૯૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૪૯૯૬ અને નીચામાં રૂ.૪૯૫૩ના મથાળે અથડાઈ, રૂ.૧૧ ઘટી રૂ.૪૯૭૩ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ મે વાયદો બેરલદીઠ રૂ.૮૩૯૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૮૬૦૪ અને નીચામાં રૂ.૮૨૪૦ના સ્તરને સ્પર્શી, રૂ.૮૪૩૭ના આગલા બંધ સામે રૂ.૩૧ વધી રૂ.૮૪૬૮ થયો હતો. ક્રૂડ તેલ-મિની મે વાયદો રૂ.૨૫ વધી રૂ.૮૪૬૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. નેચરલ ગેસ એપ્રિલ વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૩.૨ વધી રૂ.૨૫૫.૫ થયો હતો. નેચરલ ગેસ-મિની એપ્રિલ વાયદો રૂ.૩.૨ વધી રૂ.૨૫૫.૬ થયો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ એપ્રિલ વાયદો કિલોદીઠ રૂ.૧૦૦૯ના ભાવે ખૂલી, રૂ.૧.૭ ઘટી રૂ.૧૦૦૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કોટન એપ્રિલ વાયદો રૂ.૧૦૪૦ના ઉછાળા સાથે રૂ.૨૯૫૫૦ના સ્તરે પહોંચ્યો હતો. એલચી એપ્રિલ વાયદો કિલોદીઠ રૂ.૨૮૫૩ના ભાવે ખૂલી, રૂ.૭૯ ઘટી રૂ.૨૮૫૯ના સ્તરે પહોંચ્યો હતો.




કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૬૮૭૭.૪૮ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૬૪૯૨.૨૯ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૨૨૭૭.૭૨ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૫૯૦.૩૬ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૧૫.૦૪ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૪૦૭.૨૩ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૧૧.૧૫ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૩૦૯૫.૮૨ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૦૬૭.૨૫ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૫.૧૨ કરોડનાં કામ થયાં હતાં. કોટનના વાયદામાં રૂ. ૦.૦૭ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૦.૧૭ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૯૭૬૭ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૫૯૫૦૪ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૨૭૮૯૦ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૩૭૬૫૫૭ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૬૪૫૮૭ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૭૯૬૦ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૨૫૫૬૫ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૯૨૬૭૧ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૧૮૨૪ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૫૦૯૬ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૩૫૪૦૫ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ એપ્રિલ વાયદો ૩૬૮૯૪ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૩૬૮૯૪ પોઈન્ટના સ્તર અને નીચામાં ૩૬૮૪૮ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૧૩૧ પોઈન્ટ વધી ૩૬૮૯૪ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ મે રૂ.૧૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૪.૨ ઘટી રૂ.૩૪૪ થયો હતો. જ્યારે નેચરલ ગેસ એપ્રિલ રૂ.૨૫૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૦૫ વધી રૂ.૪.૨૫ના ભાવે બોલાયો હતો.

સોનું એપ્રિલ રૂ.૧૫૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૮૦ વધી રૂ.૧૩૦૫.૫ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી એપ્રિલ રૂ.૨૫૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૦૧.૫ વધી રૂ.૧૩૩૧ના ભાવે બોલાયો હતો. તાંબું એપ્રિલ રૂ.૧૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૬૯ પૈસા વધી રૂ.૨.૫૩ના ભાવે બોલાયો હતો. જસત એપ્રિલ રૂ.૩૩૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૬.૫૬ વધી રૂ.૧૮.૯૧ થયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ મે રૂ.૭૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૩.૮ ઘટી રૂ.૧૩૯.૨ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ એપ્રિલ રૂ.૨૫૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૨૫ ઘટી રૂ.૩.૬ના ભાવે બોલાયો હતો.

સોનું એપ્રિલ રૂ.૧૪૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૪૭.૫ ઘટી રૂ.૩૭૩ થયો હતો. આ સામે ચાંદી એપ્રિલ રૂ.૨૪૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૫૦૨.૫ ઘટી રૂ.૧૦૦૦.૫ થયો હતો. તાંબું એપ્રિલ રૂ.૧૦૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૧૨ પૈસા ઘટી રૂ.૦.૧ના ભાવે બોલાયો હતો. જસત એપ્રિલ રૂ.૩૩૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૩૨ પૈસા ઘટી રૂ.૦.૦૩ના ભાવે બોલાયો હતો.

# કેન્દ્ર સરકારે આપી મંજૂરીઃ હવે વિમાનોના ઈંધણમાં પણ ઈથેનોલનું કરાશે મિશ્રણ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સરકારે એવિએશન સેક્ટરમાં મોંઘા કાચા ઈંધણની આયાત પર નિર્ભરતા ઓછી કરવા અને પ્રદૂષણ ઘટાડવા માટે મોટું પગલું ભર્યું છે. પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ મંત્રાલયે એવિએશન ટર્બાઈન ફ્યુઅલ(ATF)માં ઈથેનોલ બ્લેન્ડિંગની મંજૂરી આપી દીધી છે. આ સંબંધમાં મંત્રાલયે નોટિફિકેશન બહાર પાડીને ATF માર્કેટિંગ નિયમોમાં સુધારો કર્યો છે. આ નિર્ણયથી હવાઈ મુસાફરીને વધુ સ્વચ્છ બનાવવામાં મદદ મળશે. સાથે જ દેશની વિદેશી ઈંધણ પરની નિર્ભરતા પણ ઘટશે. જેથી આગામી સમયમાં હવાઈ મુસાફરી સસ્તી પણ થઈ શકે.નવા નિયમો મુજબ, એવિએશન ટર્બાઈન ફ્યુઅલની વ્યાખ્યામાં ફેરફાર કરવામાં આવ્યો છે. હવે ATFમાં હાઈડ્રોકાર્બન સાથે સિન્થેટિક કમ્પોનન્ટ્સ જેવા કે ઈથેનોલને પણ ભેળવી શકાશે. મહત્ત્વનું છે કે પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ મંત્રાલયે ૧૭ એપ્રિલ ૨૦૨૬ના નોટિફિકેશન દ્વારા એવિએશન ટર્બાઈન ફ્યુઅલ(ATF)ના નિયમોમાં ફેરફાર કર્યો છે. જેની વિગતો હવે બહાર આવી છે. મંત્રાલયે એવિએશન ટર્બાઈન ફ્યુઅલ (રેગ્યુલેશન ઓફ માર્કેટિંગ) ઑર્ડર, ૨૦૦૧માં સુધારો કરીને ATFની વ્યાખ્યા અને તેના નિયમનની રીતને અપડેટ કરી છે. પેટ્રોલિયમ મંત્રાલયે એવિએશન ટર્બાઈન ફ્યુઅલમાં સિન્થેસાઈઝ્ડ હાઈડ્રોકાર્બન (જે શેરડી, વેસ્ટ ઓઈલ, કૃષિ અવશેષો અથવા સિન્થેટિક ફ્યુઅલ જેવા બાયો-ફીડમાંથી બને છે)ને ભેળવવાની મંજૂરી આપી દીધી છે. સુધારેલા નિયમો હેઠળ હવે એવિએશન ટર્બાઈન ફ્યુઅલને હાઈડ્રોકાર્બનનું એક જટિલ મિશ્રણ, su IS 1571 ધોરણને અનુરૂપ હોય અથવા IS 17081 માં નિર્દિષ્ટ સિન્થેસાઈઝ્ડ હાઈડ્રોકાર્બન સાથે બ્લેન્ડ કરવામાં આવ્યું હોય તે રીતે વ્યાખ્યાયિત કરવામાં આવ્યું છે.

સરકારનું આ પગલું સસ્ટેનેબલ એવિએશન ફ્યુઅલ (SAF)ને પ્રોત્સાહન આપવાની દિશામાં માનવામાં આવી રહ્યું છે. SAFને પરંપરાગત વિમાન ઈંધણનો સ્વચ્છ વિકલ્પ માનવામાં આવે છે. તે વર્તમાન વિમાન પ્રણાલીઓમાં મોટા ફેરફારો કર્યા વિના ઉત્સર્જન ઘટાડવામાં મદદ કરી શકે છે. આ નિર્ણય ભારતની આયાતી અશ્મિભૂત ઈંધણ (Fossil Fuel) પરની નિર્ભરતા ઘટાડવાની વ્યૂહરચના સાથે પણ જોડાયેલો છે. દેશ તેની કુલ તેલની જરૂરિયાતના લગભગ ૮૭ ટકા આયાત દ્વારા પૂરી કરે છે. જો કે સરકારે આ નિયમને લઈને તાત્કાલિક કોઈ પણ પ્રકારનું લક્ષ્ય નિર્ધારિત કર્યું નથી, સાથે જ આ અધિસૂચનામાં કોઈ સમય સીમા પણ રાખવામાં આવી નથી. SAFને યોગ્ય ઢંગ મુજબ લાગુ કરવામાં આવશે તો હાલ મધ્ય પૂર્વ યુદ્ધને કારણે હવાઈ સફરની વધેલી કિંમતો પર નિયંત્રણ આવી શકે છે જેથી હવાઈ મુસાફરી પણ સસ્તી થઈ શકે છે.

### E85 ફ્યુઅલનો નિયમ લાવવાની તૈયારીમાં સરકાર

# પેટ્રોલ ભૂલી જાઓ! ૮૫ ટકા ઈથેનોલથી દોડશે ગાડીઓ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

પશ્ચિમ એશિયામાં વધી રહેલા યુદ્ધના તણાવ અને ઓઈલના આસમાને પહોંચેલા ભાવ વચ્ચે ભારતે ઈંધણના ક્ષેત્રમાં એક મોટો અને ક્રાંતિકારી નિર્ણય લેવાની તૈયારી કરી લીધી છે. અત્યાર સુધી દેશમાં ૨૦% ઈથેનોલ મિશ્રિત પેટ્રોલ(E20)ની ચર્ચા થતી હતી, પરંતુ હવે સરકાર સીધું E85 ફ્યુલ લાવવાનો ડ્રાફ્ટ તૈયાર કરી રહી છે. આ નવા બદલાવનો અર્થ એ છે કે હવે ગાડીઓમાં પેટ્રોલ ઓછું અને ઈથેનોલનું પ્રમાણ વધારે હશે. અહેવાલો મુજબ, સરકાર ટૂંક સમયમાં ઈ૮૫ ફ્યુલ અંગેના નિયમો જાહેર કરી શકે છે, જેના પર આંતરિક સંમતિ બની ચૂકી છે અને પ્રાથમિક ટેસ્ટિંગ પણ સફળતાપૂર્વક પૂર્ણ કરી લેવામાં આવ્યું છે. ભારત પોતાની જરૂરિયાતનું લગભગ ૯૦% ઓઈલ આયાત કરે છે, જે દેશની તિજોરી પર મોટો બોજ નાખે છે. મધ્ય પૂર્વમાં ચાલી રહેલા સંઘર્ષને કારણે ઓઈલ સંકટ ગંભીર બન્યું છે ત્યારે ઈથેનોલ બ્લન્ડિંગ એ દેશ માટે સંજીવની સમાન સાબિત થઈ શકે છે. પીએમ મોદીએ પણ અગાઉ નોંધ્યું હતું કે એક દાયકા પહેલા પેટ્રોલમાં માત્ર ૧-૨% ઈથેનોલ ભેળવવામાં આવતું હતું, જે હવે ૨૦% સુધી પહોંચ્યું છે. આ ફેરફારને કારણે વાર્ષિક આશરે સાડા ચાર કરોડ બેરલ જેટલું ઓઈલ ઓછું ઈમ્પોર્ટ કરવું પડે છે. ઈથેનોલ ખાસ કરીને શેરડી, મકાઈ અને અનાજમાંથી બનાવવામાં આવે છે, જે રિન્યુએબલ હોવાની સાથે પ્રદૂષણ પણ ઘટાડે છે અને તેનાથી સીધો ફાયદો દેશના ખેડૂતોને થશે.

જોકે, ઈ૮૫ ફ્યુલનો ઉપયોગ સામાન્ય એન્જિન ધરાવતી ગાડીઓમાં કરી શકાશે નહીં. આ માટે ખાસ પ્રકારના ફ્લેક્સ-ફ્યુલ વ્હીકલ(FFV) એન્જિનની જરૂર પડશે. સામાન્ય એન્જિનમાં જો વધુ પડતા ઈથેનોલવાળું ઈંધણ વાપરવામાં આવે તો એન્જિનના પાર્ટ્સ ખરાબ થવાની અને પરફોર્મન્સ ઘટવાની શક્યતા રહેલી છે. આથી જ કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી સતત વાહન ઉત્પાદક કંપનીઓને ફ્લેક્સ ફ્યુલ એન્જિન બનાવવા પર ભાર મૂકી રહ્યા છે. આ યોજનાના અમલીકરણ માટે પેટ્રોલ પંપો પર પણ અલગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, નોઝલ અને સ્ટોરેજ સિસ્ટમ તૈયાર કરવી પડશે. આગામી સમયમાં ઈ૮૫ ફ્યુલ ભારતના ઓટો અને એનર્જી સેક્ટરમાં મોટો બદલાવ લાવશે, જે ઓઈલ પરની નિર્ભરતા ઘટાડવામાં મહત્ત્વનું સાબિત થશે.

### આયુષ મ્હાત્રે IPL 2026માંથી બહાર થયો

# આ પરિસ્થિતિ વચ્ચે ઉર્વિલ પટેલનું નામ અગ્રણી ખેલાડી તરીકે ઉભરી આવ્યું છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

IPL 2026 વચ્ચે ચેન્નાઈ સુપર કિંગ્સને મોટો ઝટકો લાગ્યો છે. ટીમના ૧૮ વર્ષીય યુવા બેટ્સમેન આયુષ મ્હાત્રે હવે આખી સીઝન માટે બહાર થઈ ગયો છે. એક સત્તાવાર નિવેદન જારી કરીને, ફ્રેન્ચાઈઝીએ પુષ્ટિ આપી કે ૧૮ એપ્રિલે રમાયેલી સનરાઈઝર્સ હૈદરાબાદ (SRH) સામેની મેચ દરમિયાન બેટિંગ કરતી વખતે મ્હાત્રેને ડાબા પગમાં હેમસ્ટ્રિંગની ગંભીર ઈજા થઈ હતી.

CSK અનુસાર, ઈજા એટલી ગંભીર છે કે આયુષને હવે ૬ થી ૧૨ અઠવાડિયા માટે રિહેબિલિટેશનમાંથી પસાર થવું પડશે, જેના કારણે તે IPL 2026માં વાપસી કરી શકશે નહીં. આ મેચમાં આયુષ મ્હાત્રે ઈમ્પેક્ટ સબસ્ટિટ્યુટ તરીકે મેદાનમાં ઉતર્યો હતો અને ૧૭ બોલમાં ૩૦ રન બનાવ્યા હતા. જોકે, રન લેતી વખતે તેને અચાનક દુખાવો થયો. તેમ છતાં તેણે થોડા સમય માટે બેટિંગ ચાલુ રાખી એક હકીકત જે હવે ટીમ મેનેજમેન્ટ પર પ્રશ્નો ઉભા કરી રહી છે.

ચાહકો અને ક્રિકેટ નિષ્ણાતો CSKના નિર્ણયની ટીકા કરી રહ્યા છે. આ મુદ્દો ઝડપથી સોશિયલ મીડિયા પર વાયરલ થયો, જ્યાં ઘણા લોકોએ દલીલ કરી કે ખેલાડી શરૂઆતથી જ અસ્વસ્થ દેખાતો હતો અને તેના પગમાં સ્ટ્રેપ પણ હતો છતાં તેને બેટિંગ ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવી હતી. આ ઈજા CSK માટે ચિંતાનો વિષય છે, કારણ કે ટીમ પહેલાથી જ ઈજાઓને કારણે પરેશાન છે. ફાસ્ટ બોલર ખલીલ અહેમદ પણ ઈજાને કારણે બહાર છે, એવી પરિસ્થિતિ જે ટીમના સંતુલનને સતત ખલેલ પહોંચાડી રહી છે અને હવે આયુષ મ્હાત્રેની ખોટથી તેમની મુશ્કેલીઓમાં વધારો થયો છે. ટીમે હવે નવા કોમ્બિનેશન સાથે આગળ વધવું પડશે.

ફ્રેન્ચાઈઝીએ જાહેરાત કરી છે કે આયુષ મ્હાત્રે IPL 2026ની બાકીની મેચોમાંથી બહાર થઈ ગયો છે. તેને ડાબા હેમસ્ટ્રિંગમાં ઈજા થઈ છે, જેના માટે ૬ થી ૧૨ અઠવાડિયાનો રિહેબિલિટેશનમાંથી પસાર થવું પડશે. અમે તેના ઝડપથી સ્વસ્થ થવાની શુભેચ્છા પાઠવીએ છીએ.

આયુષ મ્હાત્રેની વાત કરીએ તો, તે ચાલુ IPL સીઝનમાં ચેન્નાઈ સુપર કિંગ્સ માટે સૌથી વધુ રન બનાવનાર ખેલાડી છે. ૬ મેચમાં ૬ ઈનિંગ્સમાં, આયુષે ૩૩.૫૦ની સરેરાશ અને ૧૭૭.૮૭ના સ્ટ્રાઈક રેટથી ૨૦૧ રન બનાવ્યા છે.

આયુષ મ્હાત્રે IPL 2026માંથી બહાર થયા પછી ચેન્નાઈ સુપર કિંગ્સ સામે હવે સૌથી મોટો પડકાર તેના સ્થાન માટે યોગ્ય વિકલ્પ શોધવાનો છે. જો કે, ટીમ પાસે મુંબઈ ઈન્ડિયન્સ સામેની તેમની આગામી મેચ પહેલા થોડો સમય છે, જેમાં વ્યૂહરચના બનાવવી પડશે.

CSKનો આગામી મુકાબલો ગુરુવારે વાનખેડે સ્ટેડિયમ ખાતે મુંબઈ ઈન્ડિયન્સ સામે છે. આ મેચમાં ટીમ પર દબાણ રહેશે. પરિણામે ટીમ કોઈપણ બિનજરૂરી જોખમ લેવાનું ટાળશે. આ પરિસ્થિતિ વચ્ચે ઉર્વિલ પટેલનું નામ અગ્રણી ખેલાડી તરીકે ઉભરી આવ્યું છે. ઉર્વિલ એક આક્રમક બેટ્સમેન છે જેણે T20 ક્રિકેટમાં માત્ર ૨૮ બોલમાં સદી ફટકારવાની નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે, જે તેની વિસ્ફોટક બેટિંગ કુશળતાનો પુરાવો છે.

આયુષ મ્હાત્રેના ગયા પછી CSKને એક એવા ખેલાડીની જરૂર છે જે ટીમમાં સરળતાથી સામેલ થઈ શકે અને નોંધપાત્ર ફેરફારો કર્યા વિના ટીમનું સંતુલન જાળવી રાખવામાં મદદ કરી શકે. ઉર્વિલ આ ભૂમિકા માટે યોગ્ય સાબિત થઈ શકે છે.


નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.
ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો
બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com


# સુરતમાં ફોરેક્સ ટ્રેડિંગના નામે કરોડોનું ફૂલેકું

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

આર્થિક ગુનાખોરીના હબ બની રહેલા સુરત શહેરમાંથી વધુ એક મસમોટું છેતરપિંડીનું કૌભાંડ પ્રકાશમાં આવ્યું છે. ફોરેક્સ ટ્રેડિંગમાં ઊંચા વળતરની લાલચ આપી સ્વામિનારાયણ સંપ્રદાયના ૧૪ જેટલા હરિભક્તો પાસેથી રૂ. ૨.૦૫ કરોડનું ફૂલેકું ફેરવી ઠગ ટોળકી ફરાર થઈ ગઈ હતી. જોકે, સુરત પોલીસે આ મામલે કડક કાર્યવાહી કરી ત્રણ મુખ્ય આરોપીઓને ઝડપી પાડ્યા છે.આરોપીઓ અશોક સોલંકી, જય સોલંકી અને જ્યોતિ સોલંકીએ રોકાણકારોને આકર્ષવા માટે માસિક ૪ થી ૫ ટકા જેટલા માતબર નફાની લાલચ આપી હતી. વિશ્વાસ કેળવવા માટે શરૂઆતના તબક્કે રોકાણકારોને થોડું વળતર પણ ચૂકવવામાં આવ્યું હતું. જ્યારે હરિભક્તોએ મોટી રકમનું રોકાણ કર્યું, ત્યારે આ ટોળકી ઓફિસને તાળા મારીને રાતોરાત છૂ થઈ ગઈ હતી. કુલ ૧૪ શ્રદ્ધાળુઓએ પોતાની મહેનતની કમાણી આ સ્કીમમાં ગુમાવી છે. ભોગ બનનાર હરિભક્તોની ફરિયાદના આધારે પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો.


નવસર્જન સંસ્કૃતિ
નવસર્જન સંસ્કૃતિ
એક શુભેચ્છક



RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, “Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, “Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 8485951747,7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

# સરકાર સામે લડવુ હોય તો કયાં તો તમે ચોખ્ખા હોવા જોઈએ: નહી તો લુખ્ખા હોવા જોઈએ પાટણ એમએલએ

પ્રતિનિધિ,ગાંધીનગર

સરકાર કે શાસન સામે લડવુ હોય તો તમે કયાં તો ચોખ્ખા હોવા જોઈએ અથવા તો લુખ્ખા હોવા જોઈએ, નહી તો સરકાર તમારી હાલત ખરાબ કરી શકે છે, આ છે પાટણના કોંગ્રેસના ધારાસભ્ય કિરીટ પટેલના શબ્દો. આ બંને પરીસ્થિતિમાં હોવ તો જ તમે સરકાર કે શાસનની સામે મેદાનમાં ઉતરી શકો છો. તમે લુખ્ખા હોવ તો કોઈ શરમ તમને નડતી નથી, તમે જેલમાં જવા પણ તૈયાર હોવ છો, આ સિવાય જો ઉતરવા ગયા તો તમારી રાજકીય સ્થિતિ જ નહી બધી જ સ્થિતિ સરકાર બગાડી શકે છે.

આમ ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં વાતાવરણ વધુ ને વધુ રાજકીય ગરમી પકડી રહ્યુ છે. ત્યારે સત્તાધારી પક્ષ અને વિપક્ષ એક બીજા પર પ્રહાર કરી રહ્યા છે. તેના વચ્ચે કિરીટ પટેલે આ પ્રકારના પ્રહારો સત્તાધારી પક્ષ ભાજપ પર કર્યા હતા. ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીનો માહોલ વધુ ગરમ થઈ રહ્યો છે.

ત્રણેય રાજકીય પક્ષોના નેતાઓ એક બીજા વિરૂધ્ધ ભડકાઉ ભાષણો આપીને તોફાનને વેગ આપી રહ્યા છે. આ દરમિયાન પાટણના ધારાસભ્ય કિરીટ પટેલે એક જાહેરસભા દરમિયાન એક વિવાદાસ્પદ નિવેદન આપ્યુ હતું. જેમાં સરકારની કાર્યપધ્ધતિ અને ભ્રષ્ટાચાર સામે લડવાની તેની વ્યુહરચના પર કટાક્ષ કરવામાં આવ્યો હતો. મતદારો અને કાર્યકરોને સંબોધતા તેમણે સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. કિરીટ પટેલના આ નિવેદનથી પાટણના રાજકારણમાં ખળભળાટ મચી જવા પામ્યો છે અને આ વિડીયો સોશીયલ મીડીયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. ગુજરાતમાં ચુંટણી પ્રચાર મંચ પરથી બોલતા પાટણ ના ધારાસભ્ય કિરીટ પટેલે કહ્યુ હતુ કે વર્તમાન વ્યવસ્થામાં, જો તમે સરકાર પાસેથી કામ કરાવવા માંગતા હોવ તો તમારી પાસે ફકત બે જ વિકલ્પો છે. તેમણે વધુમાં કહ્યુ કે જો તમે સરકાર પાસેથી કામ કરાવવા માંગતા હોવ તો તમારી પાસે સ્વચ્છ છબી હોવી જોઈએ, જો તમારી પાસે સ્વચ્છ છબી હોય અને તમે કંઈ ખોટુ ન કર્યુ હોય તો જ તમે સરકાર સામે મજબુત અવાજ ઉઠાવી શકો છો.

કિરીટ પટેલે વધુમાં કહ્યુ હતુ કે વ્યકિતની કાં તો સ્વચ્છ પ્રતિષ્ઠા હોવી જોઈએ અથવા તે સંપૂર્ણપણે કલંકિત હોવો જોઈએ. તેમના નિવેદનથી




સભામાં શાંતિ છવાઈ ગઈ હતી, તેમણે સુચવ્યુ હતુ કે જે લોકો નીડર છે અથવા જેમની પાસે ગુમાવવા માટે કંઈ નથી તેઓ જ સત્તા કે દબાણ સામે ઝુકશે નહી, વિપક્ષી નેતાઓ સામે સરકારી કાર્યવાહીના દુરુપયોગના આરોપો વચ્ચે તેમણે ચેતવણી આપી હતી. જો કોઈની પ્રતિષ્ઠા કલંકીત હોય તો આપણે જાણીએ છીએ કે સરકાર તેમની સાથે શું કરશે ? તેમણે સમજાવ્યુ કે જો ભુતકાળમાં કોઈ ખોટા કામમાં સામેલ થયુ હોય અથવા કોઈ આરોપોનો સામનો કરે તો સરકાર તેમને દબાવવા માટે તેની બધી શકિતનો ઉપયોગ કરે છે તેથી જો કોઈ લડવા માંગે છે તો તેનુ ચારીત્ર્ય સ્વચ્છ હોવુ જરૂરી છે.

# બુલેટ ટ્રેન પરિયોજના અંતર્ગત બ્લોકના કારણે અમદાવાદ મંડળમાંથી ચાલતી/પસાર થતી ટ્રેનો પ્રભાવિત

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધાઓમાં સુધારો તથા રેલવે ઈન્ફ્રાસ્ટ્રકચરને વધુ મજબૂત બનાવવા માટે, બુલેટ ટ્રેન પરિયોજના અંતર્ગત ગેરતપુર–અમદાવાદ ખંડ પર ચોથા પ્રીકાસ્ટેડ પોર્ટલ બીમના લોન્ચિંગ કાર્ય માટે તા. ૨૪ એપ્રિલ ૨૦૨૬ના રોજ ટ્રાફિક બ્લોક લેવામાં આવશે.

આ મહત્વપૂર્ણ એન્જિનિયરિંગ કાર્યને કારણે નિમ્નલિખિત ટ્રેન સેવાઓ પ્રભાવિત રહેશે:

● શોર્ટ ટર્મિનેશન/ઓરિજિનેશન ટ્રેનો

★ ટ્રેન સંખ્યા ૨૦૯૦૨ ગાંધીનગર કેપિટલ–મુંબઈ સેન્ટ્રલ વંદે ભારત એક્સપ્રેસને તા. ૨૪ એપ્રિલ ૨૦૨૬ના રોજ અમદાવાદ સ્ટેશનથી શરૂ કરવામાં આવશે અને ગાંધીનગર કેપિટલ–અમદાવાદ વચ્ચે રદ રહેશે.

★ ટ્રેન સંખ્યા ૨૦૯૦૧ મુંબઈ સેન્ટ્રલ–ગાંધીનગર કેપિટલ વંદે ભારત એક્સપ્રેસને તા. ૨૪ એપ્રિલ ૨૦૨૬ના રોજ વટવા સ્ટેશન પર સમાપ્ત (શોર્ટ ટર્મિનેટ) કરવામાં આવશે અને વટવા–ગાંધીનગર કેપિટલ વચ્ચે રદ રહેશે.

● પુનઃનિર્ધારણ (Rescheduling)

★ ટ્રેન સંખ્યા ૧૨૦૦૯ મુંબઈ સેન્ટ્રલ–અમદાવાદ શતાબ્દી એક્સપ્રેસ તા.૨૪ એપ્રિલ ૨૦૨૬ના રોજ મુંબઈ સેન્ટ્રલથી ૧ કલાક ૧૫ મિનિટ મોડી રવાના થશે.

● રદ ટ્રેનો (Cancelled Trains)

★ ટ્રેન સંખ્યા ૬૯૧૦૨ વટવા–વડોદરા મેમૂ તા. ૨૪ એપ્રિલ ૨૦૨૬ના રોજ રદ રહેશે.

★ ટ્રેન સંખ્યા ૬૯૧૧૫ વડોદરા–વટવા મેમૂ તા. ૨૪ એપ્રિલ ૨૦૨૬ના રોજ રદ રહેશે.

★ ટ્રેન સંખ્યા ૨૨૯૫૯ વડોદરા–જામનગર ઈન્ટરસિટી તા. ૨૩ એપ્રિલ ૨૦૨૬ના રોજ રદ રહેશે.

★ ટ્રેન સંખ્યા ૨૨૯૬૦ જામનગર–વડોદરા ઈન્ટરસિટી તા. ૨૪ એપ્રિલ ૨૦૨૬ના રોજ રદ રહેશે.

● આંશિક રદ (Partially Cancellation)

ટ્રેન સંખ્યા ૧૯૦૩૩ વલસાડ–અમદાવાદ ગુજરાત ક્વીન તા. ૨૪ એપ્રિલ ૨૦૨૬ના રોજ વડોદરા–અમદાવાદ વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

● ટ્રેનોનું નિયંત્રણ (Regulation of Trains)

★ ટ્રેન સંખ્યા ૧૯૪૮૪ આસનસોલ–અમદાવાદ એક્સપ્રેસ તા. ૨૪ એપ્રિલ ૨૦૨૬ના રોજ વડોદરા મંડળમાં ૧ કલાક ૪૦ મિનિટ રેગુલેટ કરવામાં આવશે.

★ ટ્રેન સંખ્યા ૧૨૮૩૪ હાવડા–અમદાવાદ એક્સપ્રેસ તા. ૨૪ એપ્રિલ ૨૦૨૬ના રોજ વડોદરા મંડળમાં ૧ કલાક ૪૦ મિનિટ રેગુલેટ કરવામાં આવશે.

★ ટ્રેન સંખ્યા ૧૨૭૫૫ કાકીનાડા પોર્ટ–ભાવનગર સુપરફાસ્ટ એક્સપ્રેસ તા. ૨૪ એપ્રિલ ૨૦૨૬ના રોજ વડોદરા મંડળમાં અંદાજે ૪૫ મિનિટ રેગુલેટ કરવામાં આવશે.

★ ટ્રેન સંખ્યા ૧૨૪૭૪ શ્રી માતા વૈષ્ણો દેવી કટરા–ગાંધીધામ એક્સપ્રેસ તા. ૨૪ એપ્રિલ ૨૦૨૬ના રોજ વડોદરા મંડળમાં ૧ કલાક ૪૫ મિનિટ રેગુલેટ કરવામાં આવશે.

મુસાફરોને વિનંતી છે કે ટ્રેનોના સમય, સ્ટોપેજ અને અન્ય અપડેટ માહિતી માટે www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લો.

# કોંગ્રેસના શાસનમાં અમદાવાદ લતીફનું : ભાજપના શાસનમાં અમદાવાદ અમદાવાદીઓનું: ગૃહમંત્રી હર્ષ સંઘવી

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ વચ્ચે રાજકીય પક્ષો વચ્ચે પણ રાજકીય પ્રચાર દિન પ્રતિદિન નવી રાજકીય ગરમી સર કરી રહ્યો છે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ અમદાવાદના દરીયાપુર વિધાનસભા મતવિસ્તારમાં ઘી કાંટા વિસ્તારમાં વિશાળ જાહેર સભાને સંબોધતા વિવાદાસ્પદ નિવેદન કર્યુ હતું કે કોંગ્રેસ ના શાસનમાં અમદાવાદ લતીફ જેવા દાણચોરોના કબ્જામાં હતું, કોમી રમખાણોને આધીન હતુ, ભગવાન જગન્નાથની રથયાત્રા સુરક્ષિત ઘેરામાં કાઢવી પડતી હતી, નવરાત્રી જેવા તહેવારોની ઉજવણી મુશ્કેલ કરી દેવામાં આવી હતી,




જયારે ભાજપના શાસનમાં અમદાવાદ અમદાવાદીઓનું છે. કોમી રમખાણ મુકત છે, બધે જ શાંતિ છે, ભગવાન જગન્નાથની રથયાત્રા શાંતિથી નિકળે છે. નવરાત્રી પર કોઈ પ્રતિબંધ નથી, જય શ્રી રામ ના નારા સાથે ચુંટણી સભાની શરૂઆત કરતા સંઘવીએ દરીયાપુરના લોકોનો આભાર માન્યો હતો. જુના દિવસોને યાદ કરતા સંઘવીએ કહ્યુ હતુ કે કોંગ્રેસના શાસન દરમિયાન શહેર લતીફનું અમદાવાદ તરીકે જાણીતુ હતું. આક્રમક સુરક્ષા વાતાવરણ વિશે બોલતા સંઘવીએ કહ્યુ હતું કે એક સમય હતો જયારે ભગવાન જગન્નાથની રથયાત્રા માટેના રથોને બુલેટપ્રુફ બનાવવા પડતા હતા. આજે ભાજપ સત્તામાં છે, અને કોઈની પાસે રથયાત્રા તરફ જોવાની પણ હિંમત નથી, અમે બધા દાદાઓ ઘરે લાવ્યા છીએ, સંઘવીએ વધુમાં કહ્યુ હતુ કે દરીયાપુર માત્ર એક વિધાનસભા મતવિસ્તાર નથી, પરંતુ ઈતિહાસ અને સંસ્કૃતિનો સાક્ષી છે. આ એ જ ભુમિ છે જયાં લોખંડી પુરુષ સરદાર પટેલે પોતાનુ સામાજિક જીવન શરૂ કર્યુ હતું અને નગરપાલિકા પ્રમુખ બન્યા હતા. અમારૂ લક્ષ્ય અહીંના મંદિરો, સંસ્કૃતિ અને વારસાનુ જતન કરવાનો અને આધુનિકતા તરફ આગળ વધવાનું છે.

ધંધુકાના ધર્મેશ ભરવાડ ની હત્યાનો ઉલ્લેખ કરતા સંઘવીએ સ્પષ્ટ ચેતવણી આપી હતી કે ગુંડાઓ સામે કાર્યવાહી બંધ નહી થાય, તેમણે વધુમાં કહ્યુ હતુ કે બુલડોઝર હવે ધંધુકા પહોંચી ગયુ છે અને ધીમેધીમે રાજયના દરેક ખુણા સુધી પહોચશે. જયાં અન્યાય થયો છે, અમે હજારો હેકટર જમીન ગુંડાઓથી મુકત કરાવી છે અને તેને જનતા માટે ખુલ્લી મુકી છે.

આવા લોકોનુ રક્ષણ કરનારાઓ ભલે મારૂ નામ ન લે, પણ લોકોની સુરક્ષા મારી પ્રાથમિકતા છે. મતદારોને જાગૃત કરતા તેમણે કહ્યુ હતુ કે જો કોંગ્રેસના પ્રતિનિધિઓ ચુંટાય છે તો તેઓ તમારી સંસ્કૃતિ અને તહેવારો પર પ્રતિબંધ મુકશે. તેમણે વધુમાં કહ્યુ હતુ કે કોંગ્રેસના એકપણ ચૌદસ (ઉમેદવાર) ચુંટાય નહી, જો તેઓ આવે છે તો તેઓ લાંબા સમય સુધી ચાલતી નવરાત્રી બંધ કરાવશે, ફકત ભાજપના શાસનમાં જ તમે લાકડીઓ વડે તહેવારો ઉજવી શકો છો.

ઉલ્લેખનીય છે કે બેઠકના અંતે હર્ષ સંઘવીએ દરેક કાર્યકર અને નાગરીકને અપીલ કરી હતી કે ગમે તેટલી ગરમી કે મુશ્કેલ પરિસ્થિતિ હોય, એક પણ મતદાર મતદાન કર્યા વિના ન રહે, બેઠકમાં ભાજપના પદાધિકારીઓ અને મોટી સંખ્યામાં કાર્યકરો હાજર રહ્યા હતા.

# અજમેર–પાલનપુર રેલખંડ પર બ્લોકના કારણે રેલ સેવાઓ પ્રભાવિત

અજમેર મંડળના અજમેર–પાલનપુર રેલખંડ વચ્ચે જવાલી–રાની સ્ટેશનો વચ્ચે બ્રિજ સંખ્યા ૬૩૩ અને ૬૩૪ પર આરસીસી બોક્સ મૂકવા માટે બ્લોક લેવામાં આવી રહ્યો છે, જેના કારણે રેલવે ટ્રાફિક પ્રભાવિત રહેશે. વિગતો નીચે મુજબ છે:

રદ ટ્રેનો

● ટ્રેન સંખ્યા ૧૪૮૨૨ સાબરમતી–જોધપુર એક્સપ્રેસ, તા. ૨૪.૦૪.૨૬ અને ૨૫.૦૪.૨૬ ના રોજ રદ રહેશે.

● ટ્રેન સંખ્યા ૧૪૮૨૧ જોધપુર–સાબરમતી એક્સપ્રેસ, તા. ૨૩.૦૪.૨૬ અને ૨૪.૦૪.૨૬ ના રોજ રદ રહેશે.

માર્ગ પરિવર્તિત ટ્રેનો

● ટ્રેન સંખ્યા ૨૦૯૪૩ (બાન્દ્રા ટર્મિનસ–ભગત કી કોઠી), જે તા. ૨૩.૦૪.૨૬ ના રોજ બાન્દ્રા ટર્મિનસથી પ્રસ્થાન કરશે. પરિવર્તિત માર્ગ મહેસાણા–ભીલડી–લૂણી થઈને સંચાલિત થશે. માર્ગમાં આ ટ્રેન પાટણ, ભીલડી, મારવાડ ભીનમાલ, જાલોર, સમદડી સ્ટેશનો પર રોકાશે.

● ટ્રેન સંખ્યા ૨૦૬૯૪ (બેંગલુરુ–જોધપુર), જે તા. ૨૨.૦૪.૨૬ ના રોજ બેંગલુરુથી પ્રસ્થાન કરશે, પરિવર્તિત માર્ગ મહેસાણા–ભીલડી–લૂની થઈને સંચાલિત થશે. માર્ગમાં આ ટ્રેન પાટણ, ભીલડી, મારવાડ ભીનમાલ, જાલોર, સમદડી સ્ટેશનો પર રોકાશે.

● ટ્રેન સંખ્યા ૨૦૪૯૬ (હડપસર–જોધપુર), જે તા. ૨૩.૦૪.૨૬ ના રોજ હડપસરથી પ્રસ્થાન કરશે, પરિવર્તિત માર્ગ મહેસાણા–ભીલડી–લૂની થઈને સંચાલિત થશે. માર્ગમાં આ ટ્રેન પાટણ, ભીલડી, મારવાડ ભીનમાલ, જાલોર સમદડી સ્ટેશનો પર રોકાશે.

● ટ્રેન સંખ્યા ૧૪૭૦૧ (શ્રીગંગાનગર–બાન્દ્રા ટર્મિનસ), જે તા. ૨૩.૦૪.૨૬ ના રોજ શ્રીગંગાનગરથી પ્રસ્થાન કરશે. પરિવર્તિત માર્ગ અજમેર–ચિત્તૌડગઢ–રતલામ–વડોદરા થઈને સંચાલિત થશે. માર્ગમાં આ ટ્રેન ભીલવાડા, ચિત્તૌડગઢ, નીમચ, મંદસોર સ્ટેશનો રોકાશે.

રીશેડ્યૂલ ટ્રેનો

● ટ્રેન સંખ્યા ૧૯૪૧૧ (ગાંધીનગર કેપિટલ–દૌલતપુર ચોક), તા. ૨૪.૦૪.૨૬ ના રોજ તેના નિર્ધારિત સમય કરતાં ૧ કલાક ૩૦ મિનિટ મોડી પ્રસ્થાન કરશે.

● ટ્રેન સંખ્યા ૧૯૨૨૩ (સાબરમતી–જમ્મૂતવી), તા. ૨૪.૦૪.૨૬ ના રોજ તેના નિર્ધારિત સમય કરતાં ૧ કલાક મોડી પ્રસ્થાન કરશે.

# ભાજપની સુરત જેવી હાલત તમે કયારેય નહી જોઈ હોય: સુરતમાં પ્રચાર દરમિયાન ભાજપ નેતાઓ જીવ લઈ ભાગ્યા

પ્રતિનિધિ,ગાંધીનગર

સુરતના અડાજણ વિસ્તારમાં આવેલા ગોરાટ ખાતે હનુમાન મંદિરને લઈને ચાલી રહેલો વિવાદ હવે ઉગ્ર બન્યો છે. અશાંતધારા હેઠળ આવતા આ વિસ્તારમાં રાજકીય તણાવ ત્યારે વધ્યો જયારે ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારો અને નેતાઓ પ્રચાર માટે પહોચ્યા, સ્થાનિક લોકોએ ભારે વિરોધ દર્શાવી ભાજપના નેતાઓને સોસાયટીમાં પ્રવેશતા અટકાવવાનો પ્રયાસ કર્યો. જેના કારણે બંને પક્ષો વચ્ચે ધકકામુકી સર્જાઈ હતી.

આ દરમિયાન વિરોધ કરી રહેલી એક મહિલાને ભાજપના કાર્યકર્તા દ્વારા ધકકો મારવામાં આવ્યો હોવાનો આક્ષેપ છે. જેના કારણે મહિલા લગભગ પડી ગઈ હતી. આ સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઈ હતી. રોષે ભરાયેલા સ્થાનિકોએ ભાજપના નેતાઓને પ્રચાર કરતા રોકી દીધા હતા અને વિસ્તારમાંથી ચાલ્યા જવાનુ કીધુ હતું. ગો બેક ના નારા સાથે વિરોધ કરવામાં આવ્યો હતો. ગોરાટ હનુમાન મંદિર ચોક ખાતે એક તરફ ભકતો દ્વારા હનુમાન ચાલીસાનો પાઠ ચાલી રહ્યો હતો. તો બીજી તરફ રાજકીય



વિરોધ ઉગ્ર બન્યો હતો. ભાજપના નેતાઓ સોસાયટીઓમાં પહોચતા જ ગો બેક ના નારા લગાવી તેમને પાછા જવા મજબુર કર્યા હતા. પ્રચાર દરમિયાન વાતચીતમાં શરૂ થયેલો વિવાદ ઝડપથી ઉગ્ર બની ગયો હતો અને સ્થાનિકો તેમજ ભાજપના કાર્યકર્તાઓ વચ્ચે બોલાચાલી બાદ ધકકામુકી અને અથડામણના દ્રશ્યો જોવા મળ્યા હતા.

વિસ્તારની મહિલાઓએ ભાજપના ઉમેદવાર હર્ષ મહેતા અને અન્ય કાર્યકર્તાઓ પર અભદ્ર વર્તન અને મારામારીના આક્ષેપો કર્યા હતા. મહિલાઓએ દાવો કર્યો હતો કે ધકકામુકી દરમિયાન તેમના કપડા પણ ફાટી ગયા હતા. આ ઘટનાને લઈને વિસ્તારમાં મહિલાઓમાં ભારે રોષ જોવા મળ્યો હતો. સ્થાનિકોના કહેવા પ્રમાણે ગોરાટ વિસ્તારમાં નવા બાંધકામ અને ફલેટ વેચાણને લઈને વિવાદ ચાલી રહ્યો છે. લોકોનો આરોપ છે કે હનુમાન મંદિરને અડીને બનેલા બાંધકામ થી ધાર્મિક સ્થળને ખતરો છે. છેલ્લા ઘણા વરસોથી આ મુદ્દે વિરોધ ચાલી રહ્યો હોવા છતાં યોગ્ય કાર્યવાહી ન થતા લોકોમાં નારાજગી વધી છે. એકતરફ ભકિતનો માહોલ તો બીજી તરફ રાજકીય તણાવ આ બંને વચ્ચે સ્થિતિ તણાવપૂર્ણ બની ગઈ હતી. હાલમાં પોલીસ પરિસ્થિતિ પર નજર રાખી રહી છે.

# પ્રયાગરાજ સ્ટેશન પર નોન-ઈન્ટરલોકિંગ કાર્યને કારણે ટ્રેનોના માર્ગમાં પરિવર્તન

પ્રયાગરાજ સ્ટેશન પર યાર્ડ રિમોડેલિંગ કામ અંતર્ગત નોન-ઈન્ટરલોકિંગ કાર્ય કરવામાં આવશે. તેના કારણે નીચે દર્શાવેલ ટ્રેનોને પરિવર્તિત માર્ગ દ્વારા સંચાલિત કરવામાં આવશે:

● ટ્રેન સંખ્યા ૧૫૫૬૦ અમદાવાદ – દરભંગા એક્સપ્રેસ

જે તારીખ ૨૪.૦૪.૨૦૨૬ના રોજ અમદાવાદથી રવાના થશે,તે પોતાના નિર્ધારિત માર્ગ માણિકપુર–પ્રયાગરાજ–પ્રયાગરાજ રામબાગ–વારાણસી–ઔંઢિહાર ના સ્થાને પરિવર્તિત માર્ગ માણિકપુર–પ્રયાગરાજ છિવકી–જીવનાથપુર–વારાણસી–જૌનપુર–ઔંઢિહાર થઈને ચાલશે.

● ટ્રેન સંખ્યા ૧૫૫૫૯ દરભંગા - અમદાવાદ એક્સપ્રેસ

જે તારીખ ૨૯.૦૪.૨૦૨૬ના રોજ દરભંગાથી રવાના થશે, તે પોતાના નિર્ધારિત માર્ગ ઔંઢિહાર–વારાણસી–પ્રયાગરાજ રામબાગ–પ્રયાગરાજ–માણિકપુરના સ્થાને પરિવર્તિત માર્ગ ઔંઢિહાર–જૌનપુર–વારાણસી–જીવનાથપુર–પ્રયાગરાજ છિવકી–માણિકપુર થઈને ચાલશે.

● ટ્રેન સંખ્યા ૧૯૪૨૧ અમદાવાદ – પટના એક્સપ્રેસ

જે તારીખ ૨૬.૦૪.૨૦૨૬ના રોજ અમદાવાદથી રવાના થશે, પોતાના નિર્ધારિત માર્ગ માણિકપુર–પ્રયાગરાજ–પ્રયાગરાજ રામબાગ–વારાણસી–પંડિત દીન દયાલ ઉપાધ્યાયના સ્થાને પરિવર્તિત માર્ગ માણિકપુર પ્રયાગરાજ છિવકી–મિર્જાપુર–પંડિત દીનદયાલ ઉપાધ્યાય થઈને ચાલશે.

● ટ્રેન સંખ્યા ૧૯૪૨૨ પટના – અમદાવાદ એક્સપ્રેસ

જે તારીખ ૨૮.૦૪.૨૦૨૬ના રોજ પટના થી રવાના થશે, પોતાના નિર્ધારિત માર્ગ પંડિત દીન દયાલ ઉપાધ્યાય–વારાણસી–પ્રયાગરાજ રામબાગ–પ્રયાગરાજ–માણિકપુરના સ્થાને પરિવર્તિત માર્ગ પંડિત દીન દયાલ ઉપાધ્યાય–મિર્જાપુર–પ્રયાગરાજ છિવકી–માણિકપુર થઈને ચાલશે.

● ટ્રેન સંખ્યા ૦૯૪૪૭ અમદાવાદ – પટના વિશેષ ટ્રેન

જે તારીખ ૨૯.૦૪.૨૦૨૬ના રોજ અમદાવાદથી રવાના થશે, પોતાના નિર્ધારિત માર્ગ આગ્રા ફોર્ટ–ટૂંડલા–પ્રયાગરાજ–પંડિત દીનદયાલ ઉપાધ્યાયના સ્થાને પરિવર્તિત માર્ગ આગ્રા કૅન્ટ–વીરાંગના લક્ષ્મીબાઈ (ઝાંસી)–માણિકપુર–પ્રયાગરાજ છિવકી–પંડિત દીનદયાલ ઉપાધ્યાય થઈને ચાલશે. ઉપરોક્ત તમામ ટ્રેનોને પ્રયાગરાજ છિવકી સ્ટેશન પર ૦૨ મિનિટનું અસ્થાયી સ્ટોપેજ આપવામાં આવ્યું છે.

### ધ્રાંગધ્રામાં અંધશ્રદ્ધાનો લોહિયાળ ખેલ

# પશુ બલિનો ઈનકાર કરતા ૪ વર્ષના માસૂમની હત્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરેન્દ્રનગર

વિજ્ઞાન મંગળ પર પહોંચી ગયું છે, પણ માનવી આજેય અંધશ્રદ્ધાના અંધકારમાં ભટકી રહ્યો છે! સુરેન્દ્રનગરના ધ્રાંગધ્રામાંથી એક એવી ઘટના સામે આવી છે, જે દીકરા માટે બાધા રખાઈ. જે દીકરાના જન્મ માટે આખુંઘર હરખાયું. એ જ દીકરાને કાળા જાદુના નામે મોતને ઘાટ ઉતારી દેવાયો? એક પાડોશી મહિલા, જે પોતાને માતાજીના ભુવા ગણાવતી હતી, તેની એક ખતરનાક માંગણીએ ચાર વર્ષના કાર્તિકનો ભોગ લીધો હોવાનો આરોપ લાગ્યો છે. ઘટનાની શરૂઆત થાય છે વર્ષો પહેલા, જયારે ફારુકભાઈ એછવાડિયાના ઘરે ચાર દીકરીઓ હતી. પુત્રની ચાહમાં પરિવારે પાડોશમાં રહેતી રેહાનાબેન માયકનો સંપર્ક કર્યો, જેઓ પોતાને માતાજીના ભુવા ગણાવતા હતા. રેહાનાબેને બાધા આપી અને સંજોગવશાત ૧ ફેબ્રુઆરી ૨૦૨૨ના રોજ કાર્તિકનો જન્મ થયો. પરંતુ ખુશીઓ લાંબો સમય ટકી નહીં. માતાજી ના નામે રેહાનાબેને પશુ બલિની માંગણી કરી. જ્યારે માસૂમની માતાએ આ ક્રૂરતાનો વિરોધ કર્યો, ત્યારે તાંત્રિક મહિલાનો અસલી ચહેરો સામે આવ્યો. આ વિવાદ એવો વકર્યો કે માસૂમ કાર્તિક પર જોખમ તોળાવા લાગ્યું.

ગત ૪ એપ્રિલ. ૪ વર્ષનો કાર્તિક ઘર પાસે રમતા-રમતા અચાનક ગાયબ થઈ ગયો. આખો પરિવાર શોધખોળ કરતો રહ્યો, પણ કાર્તિક ક્યાંય ન મળ્યો. અંતે શોધ પૂરી થઈ રેહાનાબેનના ઘરે આવેલા પાણીના ટાંકા પાસે. ટાંકામાંથી માસૂમની લાશ મળી આવતા જ વિસ્તારમાં સન્નાટો વ્યાપી ગયો. શરૂઆતમાં પરિવારે આઘાતમાં દફનવિધિ કરી દીધી, પરંતુ પાડોશી મહિલાની શંકાસ્પદ હરકતોએ પિતાના મનમાં સવાલ ઉભા કર્યા. ૧૨ દિવસ પછી હિંમત ભેગી કરી પોલીસને લેખિત ફરિયાદ અપાઈ. આ મામલાની ગંભીરતા જોઈ પોલીસે મેજિસ્ટ્રેટની હાજરીમાં કાર્તિકની કબર ખોદાવી.

મૃતદેહને બહાર કાઢી ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે મોકલાયો છે. પોલીસે આરોપી તાંત્રિક મહિલા રેહાનાબેનની ધરપકડ કરી લીધી છે. તેના પર હત્યા અને કાળા જાદુ જેવી ગંભીર કલમો લગાવાઈ છે. વિજ્ઞાનના યુગમાં પણ અંધશ્રદ્ધાનો આ રાક્ષસ માસૂમોને ભરખી રહ્યો છે. શું પશુ બલિના ઈનકારનો બદલો કાર્તિકના મોતે લેવાયો? ફોરેન્સિક રિપોર્ટમાં આ હત્યાનું રહસ્ય ખુલશે, પણ સવાલ એ છે કે આપણે ક્યાં સુધી આવા ભુવા-ભારાડીઓના ચુંગાલમાં ફસાતા રહીશું?

ધ્રાંગધ્રાની આ ઘટના માત્ર એક ગુનો નથી...આ એક ચેતવણી છે! એ દરેક માતા-પિતા માટે, જેઓ શ્રદ્ધા અને અંધશ્રદ્ધા વચ્ચેની પાતળી રેખા ઓળખવામાં થાપ ખાઈ જાય છે. જ્યારે ભક્તિના નામે કોઈ બલિ માંગે... ત્યારે સમજી લેજો કે સામે ભગવાન નહીં, પણ હેવાન બેઠો છે.

### કુટુંબી ભત્રીજીને ભગાડી જવારા યુવકની હત્યા

# રાજુલાના ભાક્ષી ગામે પ્રેમ સંબંધમાં ખૂની ખેલ ખેલાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમરેલી

અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના ભાક્ષી ગામે પ્રેમ સંબંધના મામલે કરુણ અંજામ આવ્યો છે. પોતાની જ કુટુંબી ભત્રીજીને ભગાડી જનાર યુવક પર જૂની અદાવત રાખીને જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો, જેમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા યુવકનું સારવાર દરમિયાન મોત નીપજ્યું છે.

મૃતક દિનેશ સોલંકીને પોતાના જ કુટુંબની એક યુવતી સાથે પ્રેમ સંબંધ હતો. અંદાજે એકાદ વર્ષ પહેલા દિનેશ આ યુવતીને ભગાડી ગયો હતો. જે વાતનો ખાર રાખીને યુવતીના પરિવારજનો તેની શોધમાં હતા. જો કે એક દિવસ આ યુવક અંગેની ભાળ મળતા યુવતીનાં પરિવારના લોકોએ તેના પર હુમલાનું ષડયંત્ર રચ્યું હતું.

ઘટનાની વિગતો મુજબ, ચારેક દિવસ પહેલા દિનેશ સોલંકી ભાક્ષી ગામે પોતાના ખેતરમાં સૂતો હતો. તે સમયે અચાનક ત્રણ શખસો ત્યાં ધસી આવ્યા હતા અને સૂતેલા દિનેશ પર હિંસક હુમલો કર્યો હતો. હુમલાખોરોએ પટ્ટા અને દોરી વડે દિનેશને અસહ્ય માર માર્યો હતો. હુમલામાં ગંભીર ઈજાઓ થતાં દિનેશને તાત્કાલિક અમરેલી ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. સારવાર દરમિયાન દિનેશ સોલંકીનું ટૂંકી સારવાર બાદ મોત નીપજ્યું હતું.યુવકના મોત બાદ આ કેસ હવે હત્યામાં પલટાયો છે. રાજુલા પોલીસે આ મામલે ત્રણ શખસો સામે હત્યાનો ગુનો નોંધીને તેમને ઝડપી પાડવા માટેના ચક્રો ગતિમાન કર્યા છે. પ્રેમ સંબંધમાં પરિવારની આબરૂ જતી હોવાના રોષમાં થયેલી આ હત્યાએ પંથકમાં ચકચાર મચાવી દીધી છે.

# સાબરકાંઠા જિલ્લા ભાજપ હોદ્દેદારોની બેઠક યોજાઈ: પ્રદેશ ભાજપ મહામંત્રી અજય બ્રહ્મભટ્ટ ની ઉપસ્થિતિમાં ચુંટણી અંગે માર્ગદર્શન અપાયું

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

સ્થાનિક સ્વરાજયની ચુંટણીના ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે આજે બુધવારે પ્રદેશ ભાજપ મહામંત્રી અજય બ્રહ્મભટ્ટનો સાબરકાંઠા જિલ્લામાં ચુંટણી પ્રવાસ માં રોકાયા હતા.

જે અંતર્ગત આજે જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર ખાતે વિવિધ વોર્ડ માં પ્રચાર / જાહેરસભા યોજાઈ હતી એ અગાઉ જિલ્લા સંગઠનના હોદ્દેદારો, મંડલ પ્રભારી, ચુંટણી ઈન્ચાર્જ, સહ ઈન્ચાર્જ સાથે બેઠક યોજાઈ હતી. પ્રદેશ ભાજપ મહામંત્રી અજય બ્રહ્મભટ્ટે જણાવ્યુ હતુ કે સંગઠન મજબુત કરવાની સાથે આપણે સતત પ્રજા વચ્ચે છીએ તેથી ચુંટણી જીતીએ છીએ, તેમણે ચુંટણી અંગે સમિક્ષા કરી હતી, આ પ્રસંગે જિલ્લા ભાજપ પ્રમુખ કનુભાઈ પટેલ, સંગઠન પ્રભારી બ્રિજરાજસિંહ ઝાલા, જિલ્લા મહામંત્રી પ્રેમલ દેસાઈ, બિપીન ઓઝા, ચુંટણી ઈન્ચાર્જ તખતસિંહ હડીયોલ, મહેન્દ્રસિંહ રહેવર સહિત જિલ્લાના અપેક્ષિત હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.



# પશ્ચિમ બંગાળમાં જો એકપણ લાયક મતદારને મતાધિકારથી વંચિત રખાશે તો એ લોકશાહીનું ખૂન હશે

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

પશ્ચિમ બંગાળમાં મતદાનને આડે હવે માત્ર ગણતરીના કલાકો બાકી રહયા છે ત્યારે ચૂંટણી પંચના અણઘડ વહીવટ અથવા તો "કોઈના " ઈશારે કામ કરવાની તેની બિન તટસ્થતાને કારણે લોકશાહીના મુખ્ય સ્તંભ સમાન "મતદાન" થી લાખો નાગરિકો વંચિત રહે એવી ગંભીર પરિસ્થિતિ સર્જાઈ છે. આમેય પશ્ચિમ બંગાળની ચૂંટણી બે પરસ્પર વિરોધી વિચારધારા વચ્ચેની મુખ્ય લડાઈ છે અને સમગ્ર દેશની તેની ઉપર નજર છે ત્યારે આ મહત્વની નિર્ણાયક ચૂંટણીમાં જો લાયક એવા લાખો મતદારોને એમના પવિત્ર બંધારણીય મતાધિકાર થી વંચિત રહેવુ પડે તો એ ખરેખર લોકશાહી માટે લાંછનરૂપ ઘટના ગણાશે. અને એ પણ સવાલ છે કે જો લાખો પાત્ર મતદારો ચૂંટણી પંચની અણઘડતાને કારણે પોતાના મતાધિકારનો ઉપયોગ ન કરી શકે અને તેનાથી જે પરિણામ આવશે તો એ ચૂંટણી પરિણામને યોગ્ય વ્યાજબી કે સાચું માની શકાય ખરું??

મતદાર યાદીઓના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) ની પ્રક્રિયા ને કારણે પશ્ચિમ બંગાળ માં ઊભી થયેલી જટિલતાઓએ એવી આશંકા ઊભી કરી છે કે લાખો મતદારો તેમના મતાધિકારથી વંચિત રહી શકે છે. અને આ મુદ્દા અંગે રાજયભરમાં લોકોનો રોષ પણ જોવા મળ્યો છે ત્યારે પ્રશ્ન એ છે કે જો કોઈપણ કારણોસર જે મતદારો પછીથી લાયક સાબિત થાય કે જેમને મતદાન કરવાથી અટકાવવામાં આવે છે તો એના માટે કોને જવાબદાર ગણવામાં આવશે?

સમસ્યા એ છે કે પશ્ચિમ બંગાળમાં મતદાન ૨૩ અને ૨૯ એપ્રિલના રોજ થવાનું છે. છતાં હાલમાં મોટી સંખ્યામાં નાગરિકો મતદાર યાદીમાંથી બાકાત રખાયા છે. લોકોના મતદાનના અધિકારનું રક્ષણ કરવા માટે રચાયેલ પ્રક્રિયા અંગે ઉઠાવવામાં આવેલા પ્રશ્નો લોકશાહી અને બંધારણીય અધિકારોના દ્રષ્ટિકોણથી ખૂબ જ દુઃખદ છે. બહુ ઓછા લોકો આ વાત સાથે અસંમત થશે કે કોઈપણ અયોગ્ય વ્યકિતને મતદાનનો અધિકાર ન આપવો જોઈએ. ત્યારે આજ ધારાધોરણ મુજબ ખરેખર લાયક કોઈપણ મતદારને ફકત તકનીકી સૂક્ષ્મતા અને જટિલતાઓના આધારે તેના મતદાનના અધિકારોથી વંચિત ન જ રાખવો જોઈએ.

### ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓમાં

# BJPના ઉમેદવારોમાં છે BJPના પટાવાળા, સ્કુલ વેનના ડ્રાઈવર, રિક્ષાવાળા અને BJPના કાર્યલયમાં જ ચા બનાવનારાઓ

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં આ વખતે અનામત વર્ગની બેઠકો પર સામાન્ય, ગરીબ અને શ્રમજીવી વર્ગને ઉમેદવારી કરવા મળી છે અને રાજકીય પક્ષોએ આ ઉમેદવારોને પસંદ કર્યા છે. અમદાવાદમાં વિશ્વ વિખ્યાત ગુર્જરી બજાર તરીકે ઓળખાતી રવિવારી બજારમાં પાથરણું પાથરીને ધંધો કરતાં આશા દંતાણીને કોંગ્રેસ તથા કલોલની ફેકટરીમાં ઝાડુ પોતું કરતાં ઉષા ચૌહાણને, મહેસાણામાં ભાજપના કાર્યલયમાં પટાવાળા તરીકે કામ કરતાં રમેશચંદ્ર ભીલને ,વડોદરાના સ્કુલવેનના ડ્રાઈવર ભૂપેન્દ્ર માછીને અને અમદાવાદના રિક્ષા ડ્રાઈવર દશરથ પટણીને BJP એ ઉમેદવાર બનાવ્યા છે.

તો બીજી તરફ ઘરનાજ લોકોને આમને-સામને ચૂંટણી જંગમાં ઝુકાવ્યું છે.સુરેન્દ્રનગરમાં સાસુ આમ આદમી પાર્ટી (AAP) માંથી અને પુત્રવધુ ભાજપ માંથી ચૂંટણી લડી રહ્યા છે. અમરેલીમાં દેરાણી અને જેઠાણીએ ચૂંટણી જંગમાં સામસામે ઝુકાવ્યું છે. જેઠાણી BJP માંથી તો દેરાણી કોંગ્રેસમાંથી ચૂંટણી લડી રહ્યા છે.

અન્ય માં કોલેજીયનો પણ ચૂંટણી મેદાનમાં ચૂંટણી લડવાના મૂડમાં છે. ભાવનગરની કોલેજ-ગર્લ આર્ચી કુકડિયા કોંગ્રેસમાંથી ચૂંટણી લડી રહી છે તો બગસરા રહેતી અને નર્સિંગનો અભ્યાસ કરતી વિશ્વા નકુમ BJPની ઉમેદવાર તરીકે ચૂંટણી જંગમાં ઊભી છે.

આમ આ સમયની નગર પાલિકા, મહાનગરપાલિકા, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની થઈ રહેલી ચૂંટણીઓના પરિણામો કદાચ ચવચવ નો મુરબ્બો જેવા ચોંકાવનારા આવશે તો તોડજોડની રાજનીતિ ને વધુ વેગ મળશે અને "જીસકે તડ મે લડુ ઉસકે તડ મે હમ" એવો ઘાટ થાય નહીં તો જ નવાઈ??

### તમે કલેકટર છો છતાં તમે એક અભણ માણસ છો : ગુજરાત હાઈકોર્ટે ભરૂચ ના કલેકટરને કેમ ફટકાર લગાવી?

# હાઈકોર્ટે જોખમી એમોનિયમ નાઈટ્રેટનો સંગ્રહ કરતા યુનિટોમાં સલામતીના ધોરણોનુ પાલન થતુ ન હોવા અંગેની એક પીઆઈએલ પર સુનાવણી કરી

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત હાઈકોર્ટે ભરૂચ જિલ્લા કલેકટરને સખત ફટકાર લગાવતા કહ્યુ હતુ કે તમે કલેકટર છો, છતાં તમે એક અભણ માણસ છો, તમારે જે નિયમોનુ પાલન કરવુ જોઈએ તેનાથી તમે અજાણ છો, તમને તમારી પોતાની સત્તાઓની પણ ખબર નથી, એક જાહેર હિતની અરજીના સંદર્ભમાં જવાબમાં અસ્પષ્ટ સોગંદનામુ દાખલ કરવા બદલ આ ટીપ્પણી કરી હતી.

બાર અને બેંચના અહેવાલ મુજબ એમોનિયમ નાઈટ્રેટ સ્ટોરેજ યુનિટ્સ દ્વારા સલામતી નિયમોના ઉલ્લંઘન થતુ હોવાનો આક્ષેપ કરતી પીઆઈએલની સુનાવણીમાં મુખ્ય ન્યાયાધીશ સુનિતા અગ્રવાલ અને ન્યાયાધીશ ડી એન રાય ની બનેલી બેંચે ઉપરોકત ટીપ્પણી કરી હતી. કોર્ટમાં દાખલ કરવામાં આવેલી અરજીમાં આરોપ મુકવામાં આવ્યો હતો કે જિલ્લાની અંદરના ઔદ્યોગિક એકમોમાં વિસ્ફોટક એવા એમોનિયમ નાઈટ્રેટનો સંગ્રહ કરવામાં જરૂરી સલામતી નિયમોનુ ઉલ્લંઘન થઈ રહ્યુ છે. ઉલ્લેખનીય છે કે એમોનિયમ નાઈટ્રેટ ને ભારતીય કાયદા હેઠળ જોખમી પદાર્થ તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યુ છે. તે ભોપાલ ગેસ દુર્ઘટનાના પગલે ઘડવામાં આવેલા જોખમી રસાયણોના ઉત્પાદન, સંગ્રહ અને આયાત નિયમો, ૧૯૮૯ હેઠળ સુચીબધ્ધ છે.

અરજી અનુસાર આ નિયમો કડક લાઈસન્સિંગ શાસનને ફરજીયાત બનાવે છે. વધુમાં તેના ઉત્પાદન, સંગ્રહ, પરીવહન અને હેન્ડલીંગ માટે વિગતવાર સલામતી પ્રોટોકોલ સુચવવામાં આવ્યા છે. કારણ કે તે ખુબ જ વિસ્ફોટક પદાર્થ છે. અરજી મુજબ આ નિયમોનો અમલ મુખ્યત્વે મુખ્ય વસ્ફોટકો નિયંત્રક (પેટ્રોલીયમ અને વિસ્ફોટક સલામતી સંગઠન હેઠળ કાર્યરત ) જિલ્લા મેજીસ્ટ્રેટ અને સ્થાનિક પોલીસના કાર્યક્ષેત્ર હેઠળ આવે છે.

અરજીમાં ચેતવણી આપવામાં આવી હતી કે નિયમોનુ પાલન કરવામાં કોઈપણ ભુલ ના વિનાશક પરીણામો આવી શકે છે. ખાસ કરીને ગીચ ઔદ્યોગિક વિસ્તારોમાં જયાં મોટા પ્રમાણમાં એમોનિયમ નાઈટ્રેટ નો ઉપયોગ અન્ય જોખમી કામગીરી અને રહેણાંક વિસ્તારોની નજીક કરવામાં આવે છે. હાઈકોર્ટે કલેકટર દ્વારા રજુ કરાયેલા સોગંદનામાને ફગાવી દીધો હતો. જેમાં નોંધ્યુ હતુ કે ૨૦૧૨ ના



નિયમો પહેલા પણ એમોનિયમ નાઈટ્રેટ એમોનિયમ નાઈટ્રેટ વિસ્ફોટકો નિયમો, ૨૦૦૮ ના નિયમનકારી દાયરામાં આવતુ હતું. જુના એકમોને લાગુ પડતા સલામતીના ધોરણોને અવગણી શકાય નહી. કોર્ટે પ્રશ્ન ઉઠાવ્યો કે શું રાજયએ અગાઉના અહેવાલો અંગે કોઈપણ પગલા લીધા હતા જેમાં આ ધોરણોનો ઉલ્લંઘન જાહેર થયુ હતું.

આ બાબત અંગે સોગંદનામામા આપેલુ નિવેદન અસ્પષ્ટ માનવામાં આવ્યુ હતું. કારણ કે તેમાં સ્પષ્ટપણે જણાવાયુ ન હતુ કે ચોકકસ એકમ નિર્ધારીત સલામતી ધોરણોનુ પાલન કરતુ નથી. જિલ્લા કલેકટર દ્વારા રજુ કરાયેલા સત્તાવાર રેકોર્ડ કે સોગંદનામામા કોઈ સંકેત નથી કે જિલ્લા મેજીસ્ટ્રેટ કે કલેકટરે ૧૯ માર્ચ ૨૦૨૫ અને ૨૩ માર્ચ ૨૦૨૬ ના અહેવાલો અનુસાર કોઈ કાર્યવાહી કરી છે.

અધિકારીઓ દ્વારા રજુ કરાયેલા નવા અહેવાલ અંગે કોર્ટે શંકા વ્યકત કરી નોંધ્યુ હતુ કે તે કોઈપણ પર્યાપ્ત સમજુતી આપ્યા વિના ઉલ્લંઘન અંગેના અગાઉના તારણોનો વિરોધાભાસ કરે છે. વધુમાં કોર્ટે રાજયના વકીલની આ પ્રકારનુ અસ્પષ્ટ સોગંદનામા દાખલ કરવા બદલ ટીકા કરી હતી. કોર્ટે ટીપ્પણી કરી હતી કે આ પ્રકારના સોગંદનામા દાખલ કરીને તમે અસરકારક રીતે અધિકારીઓ માટે પ્રવકતા તરીકે કામ કરો છો, જયારે તમારી ભુમિકા કાનુની સલાહકારની છે. કોર્ટે વધુમાં જણાવ્યુ હતુ કે અમે ધીરજ રાખી રહ્યા છીએ તેનો અર્થ એ નથી કે તમે અમને હળવાશથી લઈ શકો છો. જયારે વકીલે સોગંદનામુ પાછુ ખેંચવાની અને તેના સ્થાને નવુ સોગંદનામુ દાખલ કરવાની પરવાનગી માગી ત્યારે કોર્ટે આવી પરવાનગી આપવાનો ઈન્કાર કર્યો હતો. કોર્ટે ભારપૂર્વક જણાવ્યુ હતુ કે અમે તમને આ રીતે તેને પાછો ખેંચવાની મંજુરી આપીશુ નહી, મુખ્ય મુદ્દો ફકત એ ન હતો કે કયા ચોકકસ નિયમો લાગુ પડે છે. પરંતુ વિસ્ફોટકોના સંગ્રહ માટે નિર્ધારીત સલામતી ધોરણોનુ ખરેખર પાલન કરવામાં આવ્યુ છે કે નહી,


ત્યારબાદ હાઈકોર્ટે અંકલેશ્વરના મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ ને નિયમોને ધ્યાનમાં રાખીને એકમોનુ નવેસરથી નિરીક્ષણ કરવાનો નિર્દેશ આપ્યો હતો. કોર્ટે કલેકટરને આ તારણોની સ્વતંત્ર રીતે ચકાસણી કરવાનો પણ નિર્દેશ આપ્યો હતો. જો કોઈ ઉલ્લંઘન જોવા મળે તો કરવામાં આવેલી કાર્યવાહીના અહેવાલ સાથે એક નવુ સોગંદનામુ દાખલ કરવાનુ રહેશે. આ મામલે આગામી સુનાવણી જુનમાં હાથ ધરાશે.

### આજે ઉમરેઠ વિધાનસભાનુ મતદાન : ૨.૪૫ લાખ જેટલા મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે

# જિલ્લા ચુંટણી અધિકારી દ્વારા સીનીયર સીટીઝન અને દિવ્યાંગ મતદારો માટે નવતર પ્રયોગ: વાહનોમાં લાવવા અને લઈ જવાની સગવડ અપાઈ

પ્રતિનિધિ,ગાંધીનગર

આણંદ જિલ્લાની ૧૧૧ ઉમરેઠ વિધાનસભા બેઠક પર આજે ૨૩ એપ્રિલ ૨૦૨૬ ના રોજ પેટા ચુંટણીનુ મતદાન યોજાશે. તેમજ મતગણતરી આગામી સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓની મતગણતરી સાથે હાથ ધરવામાં આવશે. ત્યારબાદ ઉમરેઠ ના નવા પ્રતિનિધિનુ નામ સ્પષ્ટ થશે.



પૂર્વ ધારાસભ્ય ગોવિંદભાઈ પરમારના અવસાનથી ખાલી પડેલી આ બેઠક પર ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી સહિત કુલ ૬ ઉમેદવારો ચુંટણી જંગના મેદાનમાં ઉતર્યા છે. આ ચુંટણીમાં કોઈપણ મતદાર મતદાનથી વંચિત ન રહે અને ખાસ કરીને અશકત મતદારો મતદાન કરી શકે તે માટે જિલ્લા ચુંટણી અધિકારી દ્વારા એક ઐતિહાસિક નવતર પ્રયોગ હાથ ધરવામાં આવ્યો છે. આજે ઉમરેઠ વિધાનસભા વિસ્તારનુ મતદાન સવારે ૭ કલાક થી સાંજે ૬ વાગ્યા સુધી મતદાન પ્રક્રિયા હાથ ધરાશે. જિલ્લા ચુંટણી અધિકારીએ ગરવી ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યુ હતુ કે ઉમરેઠ વિધાનસભા મતવિસ્તારમાં કુલ ૨.૪૫ લાખ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. તેમજ ૩૦૬ જેટલા મતદાન મથકો તૈયાર કરવામાં આવ્યા છે. જયાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. વધુમાં તેમણે કહ્યુ હતુ કે ચુંટણી પંચના આદેશ મુજબ વિધાનસભા મતવિસ્તારમાં આજે જાહેર રજા રાખવામાં આવી છે. જેથી નોકરીયાત વર્ગ પણ સરળતાથી પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે.

જિલ્લા ચુંટણી અધિકારી અને કલેકટર પ્રવિણ ચૌધરીએ ઉમરેઠ ના મતદારો માટે એક પ્રશંસનીય પહેલ કરી છે. ૮૫ વરસથી વધુ વયના સુપર સીનીયર સીટીઝન અને દિવ્યાંગ મતદારોને મતદાન મથક સુધી લાવવા અને પરત ઘરે મુકવા માટે ૬ સ્પેશ્યલ વાહનો કાર્યરત કરવામાં આવ્યા છે. આ વાહનો દરેક નિર્ધારીત ગામની ગ્રામ પંચાયત કચેરી ખાતે ઉપસ્થિત રહેશે. વધુમાં તેમણે કહ્યુ હતુ કે આ વાહનો માટે ચોકકસ રૂટ અને સમયપત્રક પણ જાહેર કરવામાં આવ્યુ છે. જિલ્લા ચુંટણી અધિકારી પ્રવિણ ચૌધરીએ ઉમરેઠના તમામ ૪૬ ગામડાઓના મતદારોને અપીલ કરી છે કે તંત્ર દ્વારા પુરી પાડવામાં આવેલી આ નિશુલ્ક ટ્રાન્સપોર્ટ સુવિધાનો મહત્તમ લાભ લેવામાં આવે. તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે અમારૂ લક્ષ્ય એ છે કે ઉમરેઠમાં રેકોર્ડબ્રેક મતદાન થાય અને કોઈપણ શારીરિક મર્યાદા નાગરીકના મતાધિકારના માર્ગ માં અવરોધ ન બને.

આ ચુંટણીમાં ૧૮ થી ૧૯ વરસની વય ધરાવતા ૪૧૭૪ યુવા મતદારો પ્રથમ વખત મતદાન કરશે, ૮૫ વરસ કરતા વધુ વયના સુપર સીનીયર સીટીજન ૧૬૪૪ મતદારો પણ પોતાના મતાધિકારનો પ્રયોગ કરશે. આ ઉપરાંત ૧૫૫૯ જેટલા દિવ્યાંગ મતદારો પણ મતદાન કરશે. આમ ૧૧૧ ઉમરેઠ વિધાનસભા પેટા ચુંટણીમાં ૧,૨૬,૫૪૫ પુરુષ મતદારો, ૧,૧૯,૦૭૨ મહિલા મતદારો અને અન્ય ૬ મતદારો મળીને કુલ ૨,૪૫,૬૨૩ મતદારો આજે પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે અને મતદાન કરશે.

# ચુંટણીમાં ટીકીટ ન મળતા ગુજરાતના ૪૦ લાખ રઘુવંશીઓ ભાજપ વિરૂધ્ધ મતદાન કરશે

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ




રાજકોટ માં સ્થાનિક સ્વરાજયની ચુંટણી નજીક આવતા રાજકીય માહોલ ગરમાયો છે. આ વચ્ચે રઘુવંશી સમાજે ટીકીટ ફાળવણી મુદ્દે ભારતીય જનતા પાર્ટી સામે ખુલ્લો વિરોધ નોંધાવ્યો છે. ૧૮ એપ્રિલે રઘુવંશી યુવા શકિતસંઘ ના નેતૃત્વ હેઠળ યોજાયેલી સભામાં આક્ષેપ કરવામાં આવ્યો હતો કે પશ્ચિમ વિધાનસભાની ધારાસભ્ય ડો.દર્શિતા શાહ એ પોતાના સ્વાર્થ માટે વોર્ડ નં. ૧, ૨ અને ૩ માં સમાજના ઉમેદવારોની ટીકીટ કાપી છે. સભામાં ઉગ્ર વિરોધ જોવા મળ્યો હતો. જયાં ડો.દર્શિતાબેન શાહ હાય હાય, જયાં રઘુવંશી ઉમેદવાર નથી ત્યાં નોટા અને ટીકીટ અમારી કાપી, ભુલ તમે મોટી કરી , જેવા સુત્રો સાથે પ્લે કાર્ડ લઈને વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યુ હતું. સમાજના આગેવાનોએ ચેતવણી આપી હતી કે જો આ પ્રકારનો અન્યાય ચાલુ રહેશે તો ૨૦૨૭ ની વિધાનસભા ચુંટણીમાં લાખો રઘુવંશી મતદારો ભાજપ વિરૂધ્ધ મતદાન કરશે. રઘુવંશી યુવા શકિત સંઘના ગુજરાત પ્રદેશ અધ્યક્ષ કે ડી રઘુવંશીએ જણાવ્યુ હતુ કે સ્થાનિક ચુંટણીમાં સમાજની અવગણના કરવામાં આવી છે. જેના વિરોધમાં રઘુવંશી સ્વાભિમાન સંમેલન યોજાયુ છે. તેમણે વધુમાં કહ્યુ હતુ કે સમાજના તમામ અગ્રણીઓએ એક મત થી નિર્ણય લીધો છે કે આ વખતે ભાજપને મત નહી આપવામાં આવે. કે ડી રઘુવંશીએ વધુમાં ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ પર આક્ષેપ કરતા જણાવ્યુ હતુ કે રઘુવંશી સમાજના મજબુત વિસ્તારોમાંથી ટીકીટો કાપવામાં આવી છે. તેમણે ચેતવણી આપતા કહ્યુ હતુ કે સમાજ હવે જાગૃત થયો છે અને સમય આવતા યોગ્ય જવાબ આપશે.

ગુજરાત પ્રભારી કુલદીપ રઘુવંશીએ પણ પોતાના ભાષણમાં હક્ક માટે લડવાની જરૂરીયાત પર ભાર મુકયો હતો. તેમણે સવાલ કર્યો હતો કે શું માત્ર થોડા ઉમેદવારો મોટી સંખ્યામાં રહેલા રઘુવંશી સમાજનુ યોગ્ય પ્રતિનિધિત્વ કરી શકે ? અંતમાં સભામાં હાજર લોકોએ એકતાથી અન્યાય સામે લડત આપવાની અને જાગૃત મતદાન કરવાની અપીલ કરી હતી.

# બાપુનગર હોમગાર્ડની કચેરીમાં બેલેટ પેપર ખુલ્લી હાલતમાં મળી આવતા ચકચાર

પ્રતિનિધિ,ગાંધીનગર

સ્થાનિક સ્વરાજયની ચુંટણીના ગરમાયેલા માહોલ વચ્ચે ચુંટણીની કામગીરી અને બંદોબસ્તમાં વ્યસ્ત સરકારી તથા અર્ધ સરકારી કર્મચારીઓ માટે બેલેટ પેપર દ્વારા મતદાન કરવાની વ્યવસ્થા કરાઈ હતી. જો કે આ વ્યવસ્થામાં ક્ષતિ દર્શાવતો એક વિડીયો સોશીયલ મીડીયામાં વાયરલ થયો હતો.



બાપુનગર સ્થિત હોમગાર્ડની કચેરીમાં રખાયેલા બેલેટ પેપર ખુલ્લી હાલતમાં હોવાનો વિડીયો કોંગ્રેસના અગ્રણી નાગજી દેસાઈએ સોશીયલ મીડીયા પર મુકયો હતો.

શહેરના બાપુનગર વિસ્તારની હોમગાર્ડ ડીવીઝનની કચેરીમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણી માટે બેલેટ પેપર દ્વારા થતા મતદાનમાં મતોની ચોરી થતી હોવાના આક્ષેપ સાથેનો વિડીયો વાયરલ થયો હતો. આ ઘટનાની જાણ થતા જ નાગજી દેસાઈ સહિતના અન્ય કાર્યકરો મોટી સંખ્યામાં વિરોધ નોંધાવવા બાપુનગર હોમગાર્ડ ડીવીઝનની કચેરીએ પહોચ્યા હતા. વિડીયોમાં સ્પષ્ટ દેખાયુ હતુ કે ચુંટણીપંચના અધિકારીઓની ગેરહાજરીમાં રાત્રીના સમયે બેલેટ પેપર ખુલ્લી હાલતમાં પડયા હતા. જે અનેક શંકાઓ જન્માવે છે. નોંધનીય છે કે હોમગાર્ડના જવાનોને સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં બંદોબસ્તમાં તૈનાત કરવાના હોવાથી તેઓએ બેલેટ પેપર થી મતદાન કરવાનુ હોય છે. તેવામાં હોમગાર્ડની કચેરીમાં બેલેટ પેપર બિનવારસી હાલતમાં હોવા અને તેમાં પણ નાગજી દેસાઈએ કરેલા આક્ષેપોને પગલે અનેક તર્ક વિતર્ક સર્જાયા છે. મામલાની ગંભીરતાને ધ્યાને રાખી બાપુનગર પોલીસનો કાફલો તાત્કાલીક ઘટના સ્થળે પહોચ્યો હતો અને સમગ્ર પ્રકરણની તપાસ શરૂ કરી હતી.

ઘટના અંગેનો વિડીયો સોશીયલ મીડીયામાં પ્રસારીત થતા જ સ્થાનિક પોલીસને સુચના આપી દેવામાં આવી હતી. બાપુનગર પોલીસ ઘટના સ્થળે પહોચીને સમગ્ર વિગતો મેળવી રહી છે. આ ઉપરાંત પોલીસે ચુંટણીપંચના સત્તાધિકારીઓને આ બાબતથી વાકેફ કર્યા હતા.

# વડોદરામાં ચુંટણીમાં ફરજ બજાવનારા પોલીસકર્મીઓએ કર્યુ મતદાન: પોલીસ હેડકવાર્ટર ખાતે કરાયુ વિશેષ આયોજન

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

વડોદરામાં આગામી રવિવારે યોજાનારી સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં ફરજ બજાવનારા પોલીસ અધિકારીઓ, જવાનો અને હોમગાર્ડસ માટે આજે બુધવારે પ્રતાપનગર પોલીસ હેડકવાર્ટર ખાતે પોસ્ટલ બેલેટ મતદાનનુ વિશેષ આયોજન કરવામાં આવ્યુ હતું.




ચુંટણીના દિવસે બંદોબસ્તમાં વ્યસ્ત રહેવાના કારણે આ સુરક્ષા કર્મીઓ પોતાના મતાધિકારથી વંચિત ન રહી જાય તે હેતુથી હાથ ધરાયેલી આ પ્રક્રિયામાં ૪ હજાર થી વધુ લોકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વહેલી સવાર થી જ મતદાન કેન્દ્ર પર જવાનોની લાંબી લાઈનો જોવા મળી હતી. જયાં તમામ અધિકારીઓ અને જવાનોએ લોકશાહીના પર્વમાં પોતાની નાગરીક ફરજ બજાવી બેલેટ પેપર મારફતે મતદાન કર્યુ હતું.

### રાજય ચુંટણી પંચે કરી લાલ આંખ:

# સોશીયલ મીડીયા કેમ્પેઈન પાછળ થતા લાખોના ખર્ચનો હિસાબ નોંધાવવો હવે થયો ફરજીયાત

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓનો ધમધમાટ તેજ થયો છે. ત્યારે રાજય ચુંટણીપંચે લાલ આંખ કરી કેટલાક નિયમો કડક બનાવ્યા છે. ચુંટણીપંચે ચુંટણી પ્રક્રિયામાં પારદર્શિતા લાવવા માટે એક મોટો અને મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે.




ગાંધીનગર થી મળેલી વિગતો અનુસાર હવે રાજકીય પક્ષો અને ઉમેદવારોએ સોશીયલ મીડીયા પર કરવામાં આવતા પ્રચારનો હિસાબ પણ ફરજીયાતપણે આપવો પડશે. આ આદેશને કારણે હવે ડીઝીટલ પ્લેટફોર્મ પર થતા ખર્ચ પર પણ પંચ ની સીધી નજર રહેશે. વર્તમાન સમયમાં ચુંટણી પ્રચાર માત્ર રેલીઓ કે સભાઓ સુધી મર્યાદીત રહ્યો નથી, પરંતુ ફેસબુક, ઈન્સ્ટ્રાગ્રામ અને યુટયુબ જેવા સોશીયલ મીડીયા પ્લેટફોર્મસ પ્રચારનુ મુખ્ય હથિયાર બન્યા છે. ઉમેદવારો આ પ્લેટફોર્મ પર મોટા પાયે જાહેરાતો અને કેમ્પેઈન ચલાવતા હોય છે. આ પરીસ્થિતિને ધ્યાનમાં રાખીને ચુંટણીપંચે સ્પષ્ટ કહ્યુ છે કે ડીઝીટલ માધ્યમો પાછળ થતો તમામ ખર્ચ હવે ઉમેદવારના સત્તાવાર ચુંટણી ખર્ચમાં ગણવામાં આવશે. ચુંટણીપંચના નવા આદેશ મુજબ ઉમેદવારોએ પેઈડ એડવર્ટાઈઝમેન્ટ, સોશીયલ મીડીયા મેનેજમેન્ટ અને ડીઝીટલ સામગ્રી બનાવવા પાછળ થયેલા ખર્ચની વિગતો નોંધાવવી પડશે. આ નિર્ણયનો મુખ્ય હેતુ ચુંટણીમાં થતા બિનહિસાબી ખર્ચ પર રોક લગાડવાનો અને દરેક ઉમેદવાર માટે સમાન તક પુરી પાડવાનો છે.

આ નવા નિયમથી આગામી ચુંટણીમાં સોશીયલ મીડીયાના દુરુપયોગ પર પણ લગામ લાગશે તેવી શકયતા છે.